**આજનો સુવિચાર**

પાપ કરીને શિક્ષાનો ભાર સહન કરી શકાય છે, પરંતુ ક્ષમાનો ભાર ઉંચકી શકાતો નથી

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૫ જૂનાગઢ તા. ૨-૧-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


# નોટબંધીનો નિર્ણય યોગ્ય : કેન્દ્રનાં પગલાને સુપ્રિમ કોર્ટની મ્હોર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

સુપ્રીમ કોર્ટે રૂા.૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની ચલણી નોટો ઉપર પ્રતિબંધ મૂકવાના કેન્દ્રના નવેમ્બર ૨૦૧૬ના નિર્ણયને પડકારતી અરજીઓને ફગાવીને નોટબંધીને યોગ્ય જાહેર કરી છે. સરકારના આ પગલાંથી રાતોરાત ૧૦ લાખ કરોડ રૂપિયા સર્ક્યુલેશનમાંથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. જસ્ટિસ એસ. એ. નઝીરની આગેવાની હેઠળની પાંચ જજોની બંધારણીય બેન્ચે આ મામલે પોતાનો ચુકાદો આપ્યો હતો. નોટબંધી સામે થયેલી તમામ ૫૮ અરજી અમાન્ય ઠેરવવામાં આવી હતી. નોટબંધીનો નિર્ણય સાચો છે કે ખોટો ? સુપ્રીમ કોર્ટની પાંચ જજોની બેન્ચ આ અંગે પોતાનો નિર્ણય આપ્યો હતો અને કહ્યું હતું કે સરકારે નોટબંધી કરી તે પગલું યોગ્ય હતું.

સુપ્રિમ કોર્ટે આ મામલે સરકાર અને આરબીઆઈ પાસેથી જવાબ મંગાવ્યો હતો. કેન્દ્ર સરકારે ગયા વર્ષે ૯ નવેમ્બરે દાખલ કરેલા એફિડેવિટમાં કહ્યું હતું કે ૫૦૦ અને ૧૦૦૦ની નોટોની સંખ્યામાં ઘણો વધારો થયો હતો. તેથી જ ફેબ્રુઆરીથી નવેમ્બર સુધી રીઝર્વ બેંક સાથે ચર્ચા કર્યા બાદ ૮ નવેમ્બરે આ નોટોને ડિમોનિટાઈઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ કેસમાં અરજદારો દલીલ કરે છે કે રિઝર્વ બેંક અધિનિયમની કલમ ૨૬(૨) સરકારને ચોક્કસ મૂલ્યની ચલણી નોટોને સંપૂર્ણપણે રદ કરવા માટે અધિકૃત કરતી નથી. કલમ ૨૬(૨) કેન્દ્રને ચોક્કસ શ્રેણીની ચલણી નોટો રદ કરવાની સત્તા આપે છે અને સમગ્ર ચલણી નોટોને નહીં.

સુપ્રીમ કોર્ટમાં, સરકારે નોટબંધીના નિર્ણયનો બચાવ કરતાં કહ્યું કે તે નકલી કરન્સી, આતંકવાદી ભંડોળ, કાળું નાણું અને કરચોરી જેવી સમસ્યાઓનો સામનો કરવાની યોજનાનો ભાગ અને અસરકારક માર્ગ છે. આર્થિક નીતિઓમાં ફેરફાર સંબંધિત શ્રેણીમાં આ સૌથી મોટું પગલું હતું. કેન્દ્ર સરકારે એમ પણ કહ્યું હતું કે નોટબંધીનો નિર્ણય રિઝર્વ બેંકના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ભલામણ ઉપર જ લેવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારે તેના જવાબમાં એમ પણ કહ્યું હતું કે નોટબંધીથી નકલી નોટોમાં ઘટાડો, ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં વધારો, બિનહિસાબી આવકની તપાસ જેવા ઘણા ફાયદા થયા છે. માત્ર ઓક્ટોબર ૨૦૨૨માં જ ૭૩૦ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન થયા હતા, એટલે કે એક મહિનામાં ૧૨ લાખ કરોડ રૂપિયાના ટ્રાન્ઝેકશન નોંધાયા છે. જે ૨૦૧૬માં ૧.૦૯ લાખ ટ્રાન્ઝેક્શન હતા એટલે કે લગભગ રૂા. ૬,૯૫૨ કરોડના ટ્રાન્ઝેક્શન થયા હતા.

## રાજૌરીમાં ટાર્ગેટ કિલીંગ : હિન્દુ પરીવારો ઉપર આતંકવાદી હુમલો : ચારનાં મોત

રાજૌરી તા. ૨

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં મોટો આતંકી હુમલો થયો છે. જેમાં હિંદુ પરિવારો આતંકવાદી હુમલાનું નિશાન બની ગયા છે. આ આતંકી હુમલામાં એક બાળક, એક મહિલા અને એક પુરૂષનું મોત થયું હતું. આ આતંકી હુમલા બાદ આતંકીઓ ફરાર થઈ ગયા હતા.

આતંકવાદી હુમલાની માહિતી મળતાની સાથે જ સેના અને કાશ્મીર પોલીસે સમગ્ર વિસ્તારને બેરિકેડ કરી દીધો છે અને હુમલાખોરોની શોધ કરવામાં આવી રહી છે. બાદમાં મળેલા અપડેટ્સ અનુસાર, ઘાયલોમાં અન્ય એક વ્યક્તિએ દમ તોડી દીધો છે, જેના પછી મૃત્યુઆંક વધીને ૪ થઈ ગયો છે. સ્થાનિક અધિકારીઓએ નામ નહી આપવાની શરતે તેને ટાર્ગેટ કિલિંગ ગણાવી છે.

આ આતંકી હુમલો રાજૌરીના ડાંગરીમાં થયો હતો. જમ્મુ-કાશ્મીર પોલીસે હુમલાની પુષ્ટિ કરી છે. આ હુમલામાં નિશાન બનાવવામાં આવેલા તમામ લોકો હિન્દુ છે. માહિતી મુજબ, આતંકવાદીઓએ અચાનક ફાયરિંગ શરૂ કરી દીધું હતું. ત્રાસવાદીઓએ એકે-૪૭જેવા હથિયારોથી અંધાધૂંધ ગોળીબાર કર્યો છે. આ આતંકવાદી હુમલાને આતંકવાદીઓની ધમકી સાથે પણ જોડવામાં આવી રહ્યો છે, જેમાં આતંકવાદીઓએ જમ્મુ-કાશ્મીરમાં હિન્દુઓને નિશાન બનાવવાની વાત કરી હતી. જો કે પ્રશાસને હજુ સુધી આ ઘટનાને આતંકવાદી હુમલો ગણ્યો નથી, પરંતુ તેની પેટર્ન જમ્મુ-કાશ્મીરમાં બિન-મુસ્લીમોની હત્યા જેવી જ છે.

સ્થાનિક પોલીસે જણાવ્યું કે આતંકવાદી હુમલો સિનિયર સેકન્ડરી સ્કૂલ પાસે ગતસાંજે ૭.૧૫ વાગ્યે થયો હતો. જેમાં પુરૂષ, મહિલા અને બાળકનું મૃત્યુ થયું હતું, જયારે એક વ્યકિતનું હોસ્પિટલમાં મોત થયું હતું. આ હુમલામાં ઘાયલ થયેલા ઘણા લોકોને એકથી વધુ ગોળી લાગી છે. રાજૌરીના ધનગરી ગામમાં હિન્દુ પરિવારોને નિશાન બનાવવાના વિરોધમાં, વિવિધ સંગઠનોએ આજે રાજૌરી બંધનું એલાન કર્યું છે. ભાજપે પણ આજે બંધનું એલાન આપ્યું છે.

રાજૌરી હુમલામાં સામેલ આતંકીઓ પહેલાથી જ જંગલમાં છુપાયેલા હતા. રવિવારે સાંજ પડતાં જ આતંકવાદીઓ ધાંગરી ગામની ઉપરના કોત્રંકાના ગાઢ જંગલમાંથી બહાર આવ્યા અને ઘટનાને અંજામ આપ્યા બાદ ફરી જંગલમાં છુપાઈ ગયા છે. ગામલોકોના જણાવ્યા મુજબ, આતંકવાદીઓની સંખ્યા ત્રણ હતી અને ત્રણેયએ કાળા સૂટ પહેર્યા હતા અને લાલ બેગ લટકાવી હતી.


**રેંટ ઉપર આપવાનું છે**

ગોકુલ નગર સોસાયટીમાં માર્ટ ટાઈપની દુકાન ચાલુ વેપારે આપવાની છે

તેમજ

ફોરવ્હીલ લેવા તથા વેચવા માટે મળો

: કોન્ટેક્ટ :

૯૫૧૨૮ ૮૧૭૫૭, ૮૯૫૯૫ ૦૦૦૦૫


**નવી દિલ્હીમાં નવા વર્ષે બનેલી હૃદયદ્રાવક ઘટના :**

## કાર સવાર યુવકો યુવતિને ૪ કી.મી. સુધી ઢસડી ગયા : નિર્વસ્ત્ર હાલતમાં યુવતિની લાશ મળી

નવી દિલ્હી તા. ૨

નવા વર્ષની ઉજવણી વચ્ચે રાજધાની દિલ્હીમાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. દિલ્હીના કાંઝાવાલા વિસ્તારમાં કારમાં સવાર કેટલાક યુવકોએ એક યુવતીને ટક્કર મારી હતી. અકસ્માત સર્જાયા બાદ યુવકો કાર લઈને નાસી રહ્યા હતા. અકસ્માતમાં યુવતી કારની નીચે ફસાઈ ગઈ હતી અને લગભગ ૪ કિલોમીટર સુધી રસ્તા ઉપર ઢસડાતી રહી હતી. તેનાં કપડાં પણ ફાટી ગયાં હતાં. લોહીલુહાણ હાલતમાં યુવતી રોડ ઉપર પડી રહી હતી અને તેનું મોત નીપજ્યું હતું.

આઉટર દિલ્હીના ડીસીપી હરેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે શનિવાર-રવિવારની વચ્ચેની રાત્રે લગભગ ૩ વાગે પોલીસને માહિતી મળી કે કાંઝાવાલા વિસ્તારમાં એક યુવતી રસ્તા ઉપર નગ્ન અવસ્થામાં પડી છે. સમાચાર મળતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી તો ત્યાં યુવતીની લાશ પડી હતી. પોલીસે આ કેસમાં પાંચ યુવકની ધરપકડ કરી છે. કાર પણ જપ્ત કરવામાં આવી છે.

### સમાચાર રાઉન્ડઅપ

- ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્ય સચિવ અને જૂનાગઢનાં ભૂતપૂર્વ કલેકટર મંજુલા સુબ્રમણ્યમનું વડોદરા ખાતે નિધન
- ચીનમાં કોરોના બેકાબુ : ૨૨ વર્ષીય ભારતીય મેડીકલ સ્ટુડન્ટનું મોત
- આંધ્રપ્રદેશમાં ચંદ્રાબાબુ નાયડુની રેલીમાં પુર્નઃ નાસભાગની ઘટના : ત્રણનાં મોત
- ચાલુ વર્ષે સોનાનો ભાવ રૂા.૬૨ હજાર અને ચાંદીનાં રૂા.૯૦ હજાર થઈ જશે

## રાજસ્થાનમાં સુર્યનગરી એકસપ્રેસ ટ્રેનનાં ૮ ડબ્બા પાટા ઉપરથી ઉતરી જતાં ૨૯ મુસાફરો ઈજાગ્રસ્ત

જોધપુર,તા. ૨: આજે વહેલી સવારે મોટી રેલ દૂર્ઘટના ટળી છે. આજે વહેલી સવારે જોધપુરથી બાંદ્રા જઈ રહેલી સૂર્યનગરી એક્સપ્રેસ ટ્રેનના ૧૨ ડબ્બા પાટા ઉપરથી ઉતરી ગયા હતા. આ ઘટના પાલીના રાજકીયાવાસ પાસે બની હતી. જણાવવામાં આવી રહ્યું છે કે આ અકસ્માતમાં ૨૯ થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. જોકે, સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.


**મોકાનો શોરૂમ ભાડે આપવાનો છે**

ગ્રાઉન્ડ ફલોર આશરે ૧૫૫૦ સ્કે.ફીટ અને ફર્સ્ટ ફલોર આશરે ૨૯૦૦ સ્કે.ફીટ


પાર્કીંગની ફુલ ફેસેલીટી બેઈઝમેન્ટ અને ફ્રન્ટમાં

મેરીગોલ્ડ-૩, બહાઉદીન કોલેજ સામે, જૂનાગઢ

મો. ૯૮૨૫૦ ૭૯૮૬૫



જૂનાગઢ શહેરમાં બસ સ્ટેન્ડ અને રેલ્વે સ્ટેશનની તદ્દન નજીક
M.R. સેલ્સમેન માટે રહેવા માટે સસ્તી અને સારી સુવિધા



CITY Dormitory

HOTEL CITY
2nd Floor, Dhruv Chambers,
Opp. Hira Panna Complex,
Bus Station Raod, Junagadh
Gujarat - 362 001.

Facilities: A.C., Free Wifi, Mineral Water, Moarning Tea
Safety: # CCTV Camera, # Personal Lockers
Other Facilities: - Bike on Rent, - Food

Contact : 93169 95466








**લકઝરીયસ બંગ્લો વેચવાનો છે**

દોમડીયાવાડીની બાજુમાં,કાળવા ચોક SBI ની સામે, ગીરીકુંજ સોસાયટીમાં, વ્યાજબી ભાવે બંગલો વેચાણમાં. ૧૫૨ વાર, નવું બાંધકામ,પાંચ રૂમ, ડ્રોઈંગ રૂમ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર, ફુલ ફર્નિશ્ડ,ઉત્તરાભિમુખ, સ્વતંત્ર બોર. ટાઈટલ કલીઅર. ભૂલશો તો ચૂકશો

સંપર્ક : ૭૫૭૫૮૦૬૫૮૫



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...






જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ; રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036


C M Y K

### રાજકોટમાં રાજગોર બ્રાહ્મણ પરીવાર દ્વારા

# જ્ઞાતિ સેવા સંઘની નવનિયુકત ટીમનો સન્માન સમારોહ બુધવારે યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨

રાજકોટમાં રાજગોર બ્રાહ્મણ પરીવાર કોઠારીયા દ્વારા આગામી તા. ૪ને બુધવારનાં રોજ જયશ્રી લાખાછપર હનુમાનજી મંદિર, કોઠારીયા મેઈન રોડ ન્યારા પેટ્રોલ પંપની સામે, કોઠારીયા રાજકોટ ખાતે સત્કાર સમારંભનું આયોજન કરાયું છે. આયોજક ટીમના ચેરમેન ગોરધનભાઈ બામટા, પ્રમુખ અનિલભાઈ જોષી, કારોબારી સભ્યો સમગ્ર ટીમ દ્વારા તડામાર તૈયારી થઈ રહી છે. જેમાં બપોરે ૩ થી ૫ પ્રફુલભાઈ જોષી, નયનાબેન જોષી સહીતનાં કલાકારો દાંડીયાનાં ગીત ગાય ખેલૈયાઓનો ઉત્પસા વધારશે.

સાંજે ૫.૩૦ સન્માન સમારોહનાં કાર્યક્રમનું દિપ પ્રાગટય કરાશે અને બાદમાં રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિ સેવા સંઘનાં નવનિયુકત હોદેદારો પ્રમુખ બંકિમભાઈ મહેતા, વાસુદેવભાઈ જોષી, સંજયભાઈ દવે, જીતુભાઈ બોરીસાગાયર, કમલેશભાઈ ભરાડ, ભરતભાઈ જોષી, ભવસુખભાઈ મંડીર, ભુપતભાઈ મહેતા સહીતનાનું રાજગોર બ્રાહ્મણ પરીવાર દ્વારા સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં દિવ્યકાંતભાઈ જોષી, ગીજુભાઈ ભરાડ, ભીખાભાઈ જોષી, ઈન્દ્રનીલભાઈ રાજયગુરૂ, જયંતિભાઈ તેરૈયા, રતિભાઈ મહેતા, ધીરૂભાઈ મહેતા, વિનુભાઈ ચાઉં, જીતુભાઈ ચાવડાગોર, રોહિતભાઈ ભરાડ સહીતનાં ઉપસ્થિત રહેશે.

# જાગૃત જન સેવા મહિલા મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા થર્ટી ફર્સ્ટની અનોખી ઉજવણી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જાગૃત જન સેવા મહિલા મંડળ ટ્રસ્ટ જૂનાગઢ દ્વારા થર્ટી ફર્સ્ટની અનોખી ઉજવણી કરવામાં આવી હતી. વર્ષનો છેલ્લો દિવસ ડી.જે. મસ્તી ધમાલ તો કરીએજ છે આ વખત કાંઈક નવું કરાયું જેથી કરીને દરેકને આવનારૂ વર્ષ સારૂ જાય એવી ભાવનાથી મધ્યમ વર્ગના લોકોને કપડા, પર્સ, ચપ્પલ, મોજડી, નાસ્તા બોકસ, શિયાળાના ગરમ કપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જેમાં સીમાબેન મકવાણા, કુંજનબેન સોલંકી, કીર્તિબેન ચુડાસમા, ઓડેદરા રાણીબેન, મિત્તલ ચુડાસમા, રીટાબેન ગોહેલે સેવા આપી આ વર્ષના છેલ્લા દિવસને યાદગાર બનાવી આ સેવાના કામમાં સહભાગી બન્યા હતા.

# માંગરોળનાં કરાળપા વિસ્તારમાં લીઝ ઉપર ચાલતી પથ્થરની ખાણથી ખેડૂતનાં ખેતરનું ધોવાણ થયું





(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૨

માંગરોળમાં કરાળ પા નામે ઓળખાતા વિસ્તારમાં લીઝ ઉપર ચાલતી પથ્થરની ખાણથી ખાતેદાર ખેડુતના ખેતરનું ધોવાણ થયું છે. જમીનમાંથી અંદર સુધી માટી ખેંચી લેવાતા નાળીયેરીના વૃક્ષો ઢળી ગયા છે. તો અન્ય પણ આવનારા દિવસોમાં પડી જાય તેવી પુરી શક્યતા છે. ત્યારે આ અંગે તાબડતોબ સ્થળ પર નિરિક્ષણ કરી કાર્યવાહી કરવા ખાણ ખનીજ વિભાગ સમક્ષ માંગ કરવામાં આવી છે. ખેતરનું ધોવાણ અને ખોદકામ અટકાવવા કરાયેલી રજુઆતમાં જણાવાયું છે કે, વર્ષ ૨૦૧૫માં રે.સ.નં. ૫૩/૧ પૈકીની જમીનમાંથી પથ્થરો કાઢવા પાંચ વર્ષની મુદત માટે લીઝ આપવામાં આવી હતી. જેની બાજુમાં નાળીયેરીનો બગીચો આવેલ છે. જેમાં વર્ષો જુના નાળીયેરીના ઝાડની એક હારના મૂળ સુધી ખોદકામ કરી ડસ્ટ કાઢી લેવામાં આવી છે. પરિણામે વૃક્ષો લીઝ વાળી જમીનના ખાડામાં ઢળી ગયા છે અને બીજા પણ ટુંક સમયમાં ધરાશાયી થાય તેવી દહેશત છે. હાલ નાળીયેરીના ૧૮ જેટલા વૃક્ષો સંપૂર્ણપણે નષ્ટ થવાના આરે છે. હાલમાં નાળીયેરી ઢસીને પડવાથી માટી પડવાનું ચાલુ થતા જમીનમાં પાણી વાળતા વધુ નુકસાન થાય તેમ છે. ચોમાસામાં ખેતરમાં પાણી ભરાતા ખેડવા લાયક કાળી માટી ધોવાયને લીઝવાળી જમીનમાં ચાલી જાય તેમ છે. ખેતીની જમીનમાં થતું નુકસાન અટકાવવા યોગ્ય કાર્યવાહીની માંગ કરાઈ છે.

# ભારતીય શિક્ષણ મંડળ દ્વારા ભારત માતા પૂજનનું આયોજન



જૂનાગઢ તા.૨

ભારતીય શિક્ષણ મંડળના સૌરાષ્ટ્ર પ્રાંત દ્વારા સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છમાં ભારત માતા પૂજનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નવ હજાર જેટલા લોકોએ ભાગ લીધો હતો. નેતાજી સુભાષચંદ્ર બોઝના વિચારો, સંદેશ અને કર્યોને દેશના દરેક નાગરિક સુધી પહોંચાડવાના હેતુ સાથે ભારતીય શિક્ષણ મંડળ દ્વારા ભારત માતા પૂજનનું સમગ્ર સૌરાષ્ટ્રમાં ૩૨ જેટલા સ્થળોએ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વિષે જણાવતા ભારતીય શિક્ષણ મંડળના સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ સુરેશભાઈ નહાટાએ કહ્યું હતું કે વિવિધ સંસ્થાઓ, શાળાઓ, કોલેજો અને વિશ્વવિદ્યાલયોએ ભાગ લીધો હતો. રાજકોટના ૪૫૭, કચ્છના ૧૪૮૫, સુરેન્દ્રનગરના ૫૧૦૦, જૂનાગઢનાં ૮૫૦, અમરેલીના ૨૫૦, જામનગરના ૭૦ અને ગીર-સોમનાથના ૮૦૦ મળીને કુલ ૯૦૧૨ લોકોએ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. મંડળના સૌરાષ્ટ્ર પ્રાંતના મંત્રી ઋષિરાજભાઈ ઉપાધ્યાયએ કહ્યું કે લોકોમાં રાષ્ટ્ર પ્રત્યે સમર્પણ અને પ્રેમ જાગૃત કરવા માટે નેતાજી સુભાષચંદ્ર બોઝનું જીવનદર્શન ઉત્તમ માર્ગ છે. ભવિષ્યમાં પણ ભારતીય શિક્ષણ મંડળ આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરતું રહેશે. યુવા આયામના પ્રમુખ હરેશભાઈ બાંભણીયાએ જણાવ્યું કે યુનિવર્સિટીઓ, શાળાઓ અને વિવિધ સંસ્થાઓના સંચાલકો અને પ્રતિનિધિઓએ ભારત માતા પૂજન અને ધ્વજ વંદનના આયોજનમાં સહકાર આપ્યો હતો અને હાજરી પણ આપી હતી.

# કેશોદના જલારામ મંદિરે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨

કેશોદ જલારામ મંદિર દ્વારા વિવિધ પ્રકારની સેવાઓ કરવામાં આવે છે. જેમની અંદર હાડકાના દુ:ખાવા, સાઈટીકા ચામડીના રોગો અને ખાસ કરીને પહેલાં અને ત્રીજા રવિવારે મોતિયાના ઓપરેશન માટેનો કેમ્પ યોજવામાં આવે છે. યોજાયેલા આ કેમ્પની અંદર કેમ્પના ભોજન દાતા રૂખડભાઈ વિભાભાઈ હેરભા મગરવાડા વાળા તેમના પિતાના સ્મરણાર્થે કેમ્પના દાતા રહ્યા હતા. આ કેમ્પની શરૂઆત રૂખડભાઈ અને તેમના ધર્મપત્ની દ્વારા દીપ પ્રાગટ્ય કરેલ હતું. જેમની સાથે જલારામ મંદિરના રમેશભાઈ, દિનેશભાઈ કાનાબાર, ડોકટર પટેલ, દેવાભાઈ સિહાર વગેરે દ્વારા કરવામાં આવેલું હતું.

આ કેમ્પમાં મોતિયાના ઓપરેશન માટે લગભગ સાડા ત્રણસો જેટલા દર્દીઓ આવેલા હતા. જેમાંથી ૧૪૨ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે રાજકોટ રણછોડદાસજી આશ્રમ હોસ્પિટલ મોકલવામાં આવેલા હતા. જલારામ મંદિર દ્વારા અન્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલું હતું. જેમાં સાંધાના દુ:ખાવા, સાયટીકા વા તેમજ ચામડીના દર્દો માટે ડોકટર શ્યામ પાનસુરીયા દ્વારા ફ્રી ઓફ સેવા આપવામાં આવેલી હતી. જલારામ મંદિર દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૨૮૨ જેટલા કેમ્પ કરી અને ૨૦,૦૦૦ જેટલા દર્દીઓને નવી દ્રષ્ટિ આપવામાં આવેલી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કાર્યકરો દ્વારા ભારે ઉઠાવવામાં આવેલી હતી.

# કર્તવ્ય ફાઉન્ડેશન, જૂનાગઢ દ્વારા બાળકો માટે જુદી-જુદી સ્પર્ધા યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

કર્તવ્ય ફાઉન્ડેશન, જૂનાગઢ દ્વારા તા. ૧-૧-૨૦૨૩ને રવિવારના રોજ આરાધના પ્રાયમરી સ્કૂલ, વિષ્ણુ કોલોની, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે બાળકો માટે જુદી જુદી સ્પર્ધા જેવી કે, સંગીત ખુરશી (૩ થી ૮ વર્ષ માટે), ડ્રોઈંગ કોમ્પીટેશન (૫ થી ૮ વર્ષ અને ૯ થી ૧૨ વર્ષ), વકૃત્વ સ્પર્ધા (૧૨ થી ૧૮ વર્ષ), લિમ્બુ ચમચી (૬ થી ૯ વર્ષ)નું આયોજન કરવામા આવ્યુ હતું. જેમાં મોટી સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. તેમાં ૧ થી ૩માં નંબર મેળવેલા વિદ્યાર્થીઓને શીલ્ડ, ઈનામ અને સર્ટિફિકેટ આપવામાં આવેલ હતા. જ્યારે સ્પર્ધામાં ભાગ લીધેલ અન્ય વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ અને સ્પર્ધામાં ભાગ લીધા બદલનું પ્રમાણપત્ર આપી બાળકોને પ્રોત્સાહીત કરવામાં આવેલ એમ સંસ્થાની એક યાદીમાં જણાવાયું છે.

# ઉના પંથકનાં પાકિસ્તાન જેલમાં કેદ માછીમારોનાં પરિવારજનો સાથે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે બેઠક યોજી



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા.૨

માધવબાગ વાડી ખાતે ઉના શહેર તાલુકા તથા ગીરગઢડા તાલુકાના પાકીસ્તાન જેલમાં કેદ માછીમારોના પરિવારજનોની એક અગત્યની મીટીંગનું આયોજન ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમા આશરે ૫૦૦થી વધુ માછીમાર પરિવારોના ભાઈ-બહેનોએ હાજરી આપી હતી. આ મીટીંગમાં હાલ પાકિસ્તાનની જેલમાં કેદ રહેલા માછીમારોને વહેલી તકે મુકત કરાવવા માટે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે કેન્દ્ર સરકારમાં રજુઆત કરવાની અને માછીમાર ભાઈને વતન પરત લાવવાની ખાત્રી આપી હતી.

તેમજ માછીમાર પરિવારોને કોઈ પણ જાતની તકલીફો હોય તો તે દુર કરવા અને આવા માછીમાર પરિવારોને આર્થિક સહીત તમામ બાબતોમાં મદદ કરવાની બાંહેધરી આપી હતી. તે સિવાય કાળુભાઈ રાઠોડે જણાવ્યું હતું કે, વર્તમાન કોરોના મહામારીની દહેશત વચ્ચે સૌને વેકસીનના બે ડોઝ તથા બુસ્ટર ડોઝ લઈ લેવાની ખાસ અપીલ કરી હતી. પાકીસ્તાની જેલમા બંધ મોટાભાગના માછીમારો કોળી સમાજમાંથી આવતા હોય ત્યાં હાજર રહેલ કોળી સમાજ સહિત તમામ સમાજના લોકોને લગ્નમાં થતા બીન જરૂરી ખર્ચાઓ બંધ કરી દિકરી-દિકરાના લગ્ન પ્રસંગો સમૂહ લગ્નોત્સવમાં જોડાઈને પૈસાનો વેડફાટ અટકાવી કાળી મજુરી કરીને કમાયેલા પૈસાની બચત કરવા પણ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડે હૃદય સ્પર્શી અપીલ કરી હતી. આ માછીમાર પરિવારોની મીટીંગમાં આવેલા તમામ ભાઈ-બહેનો માટે ગરમ નાસ્તો તથા ચા પાણી વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી.

# મેંદરડા : એવરાશાઈન એકેડેમી ખાતે આનંદ મેળાનો કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨

જાણીતી શૈક્ષણીક સંસ્થા એવરશાઈન એકેડેમીમાં આનંદ મેળો યોજાયો હતો જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ભારતીય અને અન્ય અવનવી વાનગીઓનો જેવી કે, ઢોકળા, પાવભાજી, મંચુરીયન, ચાઈનીઝ ભેળ, રજવાડી પાણીપુરી, દહીં ચેવડો, ગપગોટા, પુલાવ, અમેરીકન કોર્ન, લાઈવ કઠોળ, મોમોઝ, આઈસ્ક્રીમ, મિલ્ક શેક, લચ્છી, મસાલા છાશ, દિલ્હી ચાટ, કટલેસ, આયુર્વેદીક કાવો જેવી વાનગીઓના સ્ટોલ દ્વારા ચારથી પાંચ હજારનો વેપાર કરેલો. શાળાના મેનેજીંગ ટ્રસ્ટી મોહનભાઈ પાનસુરીયા અને મુખ્ય અતિથી સુખરામબાપુ (મહંત ખાખી મઢી) એ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી તેમના હસ્તાક રીબીન કાપી કાર્યક્રમની શરૂઆત કરાવી તથા વિદ્યાર્થીઓનો પ્રોત્સાહીત કર્યા હતા.

# કેશોદમાં નિ:શુલ્ક દિવ્યાંગ કેમ્પ તથા વીલ ચેર વિતરણ કાર્યક્રમ યોજાયો




(ગોવિંદ હડિયા દ્વારા)

કેશોદ તા.૨

અર્પણ ફાઉન્ડેશન તથા નગીનભાઈ જગડા યુએસએના આર્થિક સહયોગથી ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા કેશોદની લોહાણા મહાજન વાડીમાં નિ:શુલ્ક દિવ્યાંગ કેમ્પ તથા વીલચેર વિતરણનું કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારત વિકાસ પરિષદ કેશોદ વિવિધ સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહી છે. જેના એક ભાગરૂપે અર્પણ ફાઉન્ડેશન તથા નગીનભાઈ જગડાના આર્થિક સહયોગથી નિ:શુલ્ક દિવ્યાંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું. કેમ્પમાં જરૂરિયાતમંદ દિવ્યાંગ લોકોને પગ માટે કેલીપર હાથ બનાવી આપવો, વિલ ચેર તેમજ ટ્રાય શીકલનું વિતરણ નિ:શુલ્ક કરવામાં આવ્યું હતું. આ દિવ્યાંગ કેમ્પ કેશોદ લોહાણા મહાજન વાડી, શરદ ચોક, હવેલીની બાજુમાં રાખવામાં આવેલ હતો. આ કેમ્પમાં દર્દીઓને ડોક્ટર્સ દ્વારા ચેકઅપ કરી કૃત્રિમ હાથ પગ માપણી લેવામાં આવી હતી. કેમ્પમાં આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું તેમજ દાતાઓને સાલ ઓઢાડી સન્માનિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. ભુપેન્દ્રભાઈ જોષીએ કર્યું હતું.

# વર્ષ ૨૦૨૨નો અંતિમ સૂર્યાસ્ત નિહાળવા દ્વારકાના સનસેટ પોઈન્ટ ઉપર યાત્રાળુઓ, સહેલાણીઓની ભીડ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

૩૧મી ડીસેમ્બર ૨૦૨૨ ના રોજ સાંજે દ્વારકાના સનસેટ પોઈન્ટ ઉપરથી વર્ષનો છેલ્લો સૂર્યાસ્તનો નયનરમ્ય નજારો જોવા શનિવારે ઢળતી સાંજે મોટી સંખ્યામાં યાત્રાળુઓ આ સ્થળે ઉમટી પડ્યા હતા. દ્વારકામાં આવેલા સનસેટ પોઈન્ટ પરથી સૂર્યના અંતિમ કિરણો સૌથી છેલ્લે અહી પડે છે અને તે જોવાનો એક અનેરો લહાવો છે. દ્વારકામાં દરિયાકાંઠે આવેલ આ સનસેટ પોઈન્ટને રેખાંશ અક્ષાશ અંશનું ધ્યાન રાખી બનાવવામાં આવ્યો છે. ત્યારે શનિવારે ઈતિહાસકારી ૨૦૨૨ના વર્ષનું અંતિમ કિરણ જોવનો લ્હાવો લેવા અનેક પ્રવાસીઓ ઉમટી પડ્યા હતા. ગત વર્ષે ૨૦૨૧માં પણ એનો સહેલાણીઓ અહીં પહોંચ્યા હતા અને વર્ષના અંતિમ સૂર્યાસ્તની તસવીરો પોતાના ફોનમાં કંડારી, સંભારણારૂપે રાખી હતી. અનેક ખાટી-મીઠી યાદોના સથવારે મોટી સંખ્યામાં લોકોએ વર્ષ ૨૦૨૨ને **Bye Bye** કહ્યું હતું.

# સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.નાં રણજી ટ્રોફી ખેલાડીઓને શ્રીલંકા વચ્ચે રમાનારી ૨૦-૨૦ મેચની ટીકીટ અપાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨

આગામી તા. ૭ જાન્યુઆરીનાં રોજ ભારત વિરૂધ્ધ શ્રીલંકા વચ્ચે રમાનાર ઈન્ટશનેશનલ ૨૦-૨૦ મેચની વર્તમાન અને ભૂતપૂર્વ રણજી ખેલાડીઓ કે જે સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. તરફથી રમેલ હોય તેઓ તેમની કોમ્પલીમેન્ટરી ટીકીટ તા. ૩ અને ૪ જાન્યુઆરીનાં રોજ સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો. સ્ટેડીયમ ઓફીસ, રાજકોટ જામનગર હાઈવે, જામનગર રોડ, રાજકોટ ખાતેથી સવારે ૧૧ થી ૨ દરમ્યાન મેળવી લેવાની રહેશે. રણજી ખેલાડી રૂબરૂ આવી ન શકે તેમ હોય તો લેખીત ઓથોરીટી આપવાની રહેશે તેમ યાદીમાં જણાવેલ છે.

# દ્વારકાના વરવાળામાંથી ગાંજાના જથ્થા સાથે વૃદ્ધ ઝડપાયો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

દ્વારકાનાં વરવાળા ગામે અરૂણ ગોવિંદ પ્રસાદ સૂરજમલ અગ્રવાલ નામના ૬૨ વર્ષના વૃદ્ધના રહેણાંક મકાનમાં દરોડો પાડ્યો હતો. આ સ્થળેથી પોલીસને ૨૨૪ ગ્રામ માદક પદાર્થ ગાંજાનો જથ્થો સાંપડ્યો હતો. જેથી પોલીસે રૂપિયા ૨,૨૪૦ની કિંમતના ગાંજા સાથે અરુણ ગોવિંદ પ્રસાદ અગ્રવાલની અટકાયત કરી હતી.

# ભાણવડ પાસેથી ટ્રકમાં ભરીને કુરતાપૂર્વક લઈ જવાતી બાર ભેંસો ઝડપાઈ



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ભાણવડ નજીકના માર્ગમાંથી ગત રાત્રે શંકાના આધારે એક ટ્રકમાં કરવામાં આવેલી તપાસ દરમ્યાન નવાગઢ (તા. જેતપુર)ના ખાટકી શખ્સ દ્વારા ગેરકાયદેસર રીતે લઈ જવાતી બાર ભેંસો ઝડપી લીધી હતી. આ પ્રકરણમાં અન્ય એક શખ્સનું નામ પણ ખુલવા પામ્યું છે. આ સમગ્ર પ્રકરણની પોલીસ દફતરે જાહેર થયેલી વિગત મુજબ ભાણવડના મોટા પુલ પાસે ગત રાત્રિના આશરે ૧૧:૩૦ વાગ્યાના સમયે પસાર થતા જી.જે.-૧૪-ઝેડ-૬૧૦૨ને ભાણવડ પંથકના રહીશ રણમલભાઈ પરબતભાઈ મોઢવાડિયા (ઉ.વ. ૨૮) નામના યુવાન દ્વારા શંકાના આધારે અટકાવી તેમાં જોતા આ ટ્રકની અંદર બાર ભેંસો દોરડા વડે બાંધીને લઈ જવાતી હોવાનું ધ્યાને આવ્યું હતું. આથી આ બાબતે સ્થાનિક પોલીસને જાણ કરતા પોલીસ કાફલો આ સ્થળે દોડી ગયો હતો અને ઉપરોક્ત ટ્રકનું નિરીક્ષણ કરતા આ ટ્રકના ચાલક એવા રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના નવાગઢ ખાતે રહેતા બિલાલ હુસેન કારવા નામના ૨૩ વર્ષના ખાટકી શખ્સ દ્વારા કોઈપણ જાતના આધાર પુરાવા કે સક્ષમ અધિકારીની મંજૂરી વગર ટ્રકમાં ક્રૂરતાપૂર્વક બાર ભેસોને લઈ જવાતી હોવાનું ખુલવા પામ્યું હતું. આ તમામ ભેસ તેણે ભાણવડ તાલુકાના ઢેબર ગામના રહીશ ભીખુ હાસમ હિંગોરા પાસેથી લીધી હોવાનું જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે ભાણવડ પોલીસે રણમલભાઈ પરબતભાઈ મોઢવાડિયાની ફરિયાદ પરથી રૂ. ૩ લાખની કિંમતના ટ્રક તથા રૂપિયા ૧.૨૦ લાખની કિંમતની ૧૨ ભેંસ હસ્તગત કરી, આરોપી બિલાલ હુસેન કરવાની અટકાયત કરી હતી. જ્યારે અન્ય એક શખ્સ ભીખુ હાસમ હિંગોરા સહિત આ પ્રકરણમાં પોલીસે આઈ.પી.સી. કલમ ૧૧૪ તથા પશુ સંરક્ષણ ધારાની કલમ મુજબ ગુનો નોંધી, ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે.

### ખંભાળિયા પંથકના વહાણની અરબી સમુદ્રમાં જળસમાધિ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ખંભાળિયા તાલુકાના સલાયા પંથકનું એક વહાણ અરબી સમુદ્રમાં ગરદ થઈ જતા આ વહાણના ખલાસીઓને અન્ય બોટ મારફતે બચાવી લેવામાં આવ્યા હતા.

# જૂનાગઢમાં સશક્ત અને સુપોષિત કિશોરી-અભિયાન મેળો યોજાયો

## ભારતનું ભવિષ્ય દિકરીઓમાં છુપાયેલુ છે : મેયર ગીતાબેન પરમાર



જૂનાગઢ, તા. ૨

મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ ચાલતી પૂર્ણા યોજના તથા મહિલા કલ્યાણ વિભાગ હેઠળ ચાલતી બેટી બચાવો બેટી પઢાઓ તથા વ્હાલી દિકરી યોજના અંતર્ગત જૂનાગઢ મહિલા અને બાળ વિકાસ વિભાગ, જિલ્લા વહિવટી તંત્ર, આઇ.સી.ડી.એસ. જિલ્લા પંચાયત અને મહાનગરપાલિકા જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે સશકત અને સુપોષિત કિશોરી મેળો જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શાંતાબેન ખટારિયા, મેયર શ્રીમતિ ગીતાબેન પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ તકે મેયર શ્રીમતિ ગીતાબેન પરમારે જણાવ્યું હતું કે, ભારતનું ભવિષ્ય દિકરીઓમાં છુપાયેલું છે. દિકરીઓ થકી જ આપણે આગળ વધી શકીશું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દિકરીઓ નિડર અને નિષ્ઠાવાન બનો આથી તમને કોઇ રોકી નહીં શકે. અને આજની કિશોરીઓ તો કાલનું ભવિષ્ય છે. તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ શાંતાબેન ખટારિયાએ સરકારીની મહિલા શક્તિ, પૂર્ણા શક્તિ અને બાળ શક્તિ વિશે માહિતી આપી હતી. અને દિકરીઓને જીવનમાં આગળ વધવાનો સંદેશો આપ્યો હતો. ધારાસભ્ય સંજયભાઇ કોરડિયાએ જણાવ્યું હતું કે, દિકરીઓને પ્રોત્સાહિત કરવા માટે સરકાર અનેક પ્રયાસો કરી રહી છે. આથી દિકરીઓને સંદેશો આપતા જણાવ્યું કે, માતા-પિતા એ તમારા નજીકના મિત્ર છે અને તેમને દરેક વાત શેર કરો તેમજ બીજી કોઇ મુશ્કેલી જણાય તો સરકાર દ્વારા મહિલા સુરક્ષામાં માટે ૧૮૧, ૧૦૦ નંબર પર ફોન કરવા તેમજ કોઇ હેરાન કરે તો મારો સંપર્ક કરવા જણાવ્યું હતું.

આ મેળામાં કિશોરીઓને વિવિધ યોજના વિશે માહિતી, શિક્ષણ, કાયદાકીય જાણકારી અને બેન્ક અને આઇ.ટી.આઇ.ના કોર્ષ વિશેની માહિતી આપવામાં આવી હતી. આ તકે જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષ શ્રીમતી લાભુબેન ગુજરાતી, મહાનગપાલિકા સમાજ કલ્યાણ સમિતિના અધ્યક્ષ વાલાભાઇ આમછેડા, સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઇ ખટારિયા, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, જૂનાગઢ જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો.સી.ડી.ભાંભી, દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી એમ.જી.વરસુર અને બી.ડી.ભાડ સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ મેળા દરમ્યાન સુપોષિત કિશોરીઓને શિલ્ડ આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન આઇ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવે એ અને આભાર વિધિ કિર્તિબેન ઠાકર દ્વારા કરવામાં આવી હતી.

# પંડિત દિનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે ખડક ચઢાણ બેઝિક કોર્સનો સમાપન સમારોહ યોજાયો



જૂનાગઢ, તા.૨

રાજ્યના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર દ્વારા જૂનાગઢ ખાતે કાર્યરત પંડિત દીનદયાલ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રમાં ખડક ચઢાણ બેઝિક કોર્સનું સમાપન થયું હતું. આ કોર્સમાં ગુજરાત રાજયના જુદા જુદા સુરત, ભરૂચ, આણંદ, દેવભૂમી દ્વારકા, ગિર સોમનાથ, ભાવનગર, જૂનાગઢ, રાજકોટ જિલ્લાઓમાંથી કુલ ૯૩ જેટલા શિબિરાર્થીઓએ ભાગ લીધો હતો. આ શિબિરાર્થીઓ કામધેનુ યુનિવર્સિટી આણંદના વેટરનરી મહાવિદ્યાલય તથા સુરત તેમજ ભરૂચની ઈન્ડ્રસ્ટ્રયલ ફાયર સેફ્ટી મેનેજમેન્ટ એકેડમી , ઉપરાંત વ્યક્તિગત રીતે પસંદગી પામ્યા હતા અને તાલીમ પૂર્ણ કરી હતી.

આ કાર્યક્રમમાં સમાપન કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે યુવા લેખક તથા માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન- જૂનાગઢના સહસંયોજક નિકુંજ સુંદરસાથ તેમજ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વાલી-એ- સોરઠ હાઈસ્કૂલ, જૂનાગઢના પ્રિન્સિપાલ ડો.હારૂનભાઈ વિહળ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમની શરૂઆતમાં મહેમાનોનો પરિચય કેન્દ્રના ઈન્સ્ટ્રકટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ રાઠોડે સ્વાગતપ્રવચન કર્યુંહતું. શિબિરના સમાપનમાં શિબિરાર્થીઓ પૂજાબેન, જલ્પાબેન, દિપકભાએ પોતાના પ્રતિભાવ રજૂ કર્યા હતા. એ બાદ મહેમાનો દ્વારા શિબિરાર્થીઓને પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમના અતિથિ નિકુંજ સુંદરસાથે વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું હતું. સર્જનાત્મક અભિવ્યકિતમાં માતૃભાષાનું મહત્વ વિષયક વાત અનેક ઉદાહરણો દ્વારા પૂરી પાડી હતી. આ કાર્યક્રમના અધ્યક્ષ હારૂનભાઈ વિહળે વિદ્યાર્થીઓને જુદા જુદા ગીતોનું ગાન કરી તેના અર્થભરી વાતોથી વિદ્યાર્થીઓને મનોરંજન પીરસ્યું હતું. વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે અને પોતાના ક્ષેત્રમાં ઉત્તમોત્તમ કાર્ય કરે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સમગ્ર કેમ્પને સફળ બનાવવા કોર્સ ઈન્ચાર્જ વિમલભાઈ વાગડિયાએ મહત્વની કામગીરી સંભાળેલ હતી. આ કાર્યક્રમનું સંચાલન ભગીરથ અને નુપુરબેને કર્યુ હતું.

# ૧૭ ગામો તથા શહેરનાં વિવિધ પ્રશ્નોને સાંભળતા જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઇ કોરડીયા

## લોકસંપર્ક કાર્યાલય ખાતે ગ્રામ્ય તથા શહેરીકક્ષાના પ્રશ્નોને તાત્કાલીક નિવારણ માટેની કાર્ય શૈલીને આવકાર

જૂનાગઢ, તા.૨

જૂનાગઢના ધારાસભ્ય લોકસંપર્ક કાર્યાલય ખાતેથી પીએ મુકુંદભાઈ હિરપરા એક યાદીમાં જણાવેલ છે કે, ગત તા.૩૦/૧૨/૨૦૨૨નો શુક્રવારના રોજ જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા પોતાના મત વિસ્તારના કુલ ૧૭ ગામો અને શહેરી વિસ્તારના પ્રશ્નોના નિવારણ માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ રૂબરૂ ઉપસ્થિત રહી લોકોનો સાંભળવાની કાર્યશૈલી તૈયાર કરવામાં આવેલ છે જે અંતર્ગત શુક્રવારે કુલ ૧૮૨ અરજદારોને સાંભળી તેમના પ્રશ્નોને સાચી વાચા મળે તથા યોગ્ય નિરાકરણ થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાની આ શૈલીને આવેલા અરજદારો અનો ગ્રામ્ય આગેવાનોએ પણ આવકારેલ અને સ્થળ ઉપરથી વધુમાં વધુ ફરીયાદોનો કે પ્રશ્નોનો નિકાલ થાય તેવા સંજયભાઈ કરોડીયાના પ્રયાસોનો બીરદાવ્યા હતા.

## ચાર દાયકાથી સુંદર કામગીરી કરનાર

# જૂનાગઢ મનપામાં સેક્રેટરી શાખામાં પટ્ટા વાળા તરીકે ફરજ બજાવતા કાંતિભાઈ ભટ્ટીને સન્માનીત કરાયા



જૂનાગઢ, તા.૨

૩૧મી ડિસેમ્બરના રોજ જૂનાગઢ મનપામાં સેક્રેટરી શાખામાં પટ્ટાવાળા તરીકે કામગીરી કરી રહેલા કાંતિભાઈ સી.ભટ્ટી ૪૦ વર્ષ ઉપરાંતની ફરજ બજાવી ફરજ નિવૃત્ત થઈ રહ્યા હોય અને સાથોસાથ તેઓનો જન્મદિન પણ હોય જૂનાગઢ મનપામાં ખંત અને નિષ્ઠા પૂર્વકફરજ બજાવીને જોષીપરા મ્યુનિસીપલબરો સમયના કર્મચારી કાંતિભાઈ ભટ્ટી છે તેઓએ વર્ષો સુધી ટુંકી મુદતના વિવિધ સમિતિઓ, સ્ટેન્ડિંગ કમિટી, જનરલ બોર્ડની મીટીંગની જાણકારી જૂનાગઢ નગરપાલિકા અને મહાનગર-પાલિકાના કોર્પોરેટરોને સમયસર પહોચાડી છે તેમજ કોઈપણ કામગીરીમાં આજ સુધીમાં એટલે કે ૪૦ વર્ષ સુધી એકપણ ક્ષતિ કે ચૂક ના કરનાર આવા કર્મઠ કર્મચારીના ફરજ નિવૃત્તિ અને જન્મદિન દ્વિવિધ પ્રસંગે એમનું મોં મીઠું કરાવી જૂનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, સ્ટેન્ડિંગ ચેરમેન હરેશભાઈ પરસાણા, કોર્પોરેટર ગોપાલભાઈ રાખોલિયા, અગ્રણી યોગીભાઈ પઢીયાર, સેક્રેટરી કલ્પેશભાઈ ટોલિયા, સ્ટેન્ડિંગ ચેરમેન પીએ વિરાટ ઠાકર, સહાયક કમલેશભાઈ મહેતા તથા સ્ટાફના વિશાલભાઈ શ્યારા, સાગરભાઈ મુરબિયા દ્વારા હર્ષ અને ઉમંગ સાથે સન્માનિત કરી શાલ ઓઢાડી, મોં મીઠું કરાવી અને અભિવાદિત કરવામાં આવેલ હતા.

# ખંભાળિયાની સિવિલ હોસ્પિટલમાં કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાની ઓચિંતી મુલાકાત : કલેકટર સહિતના અધિકારીઓ જોડાયા



(કુંજન રાડીયા દ્વારા)


જામ ખંભાળિયા, તા. ૨

દેવભૂમિદ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા સ્થિત સરકારી જનરલ હોસ્પિટલ ખાતે શનિવારે સવારે અહીંના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ખાસ મુલાકાત લીધી હતી. જિલ્લા કલેકટર તથા જિલ્લા વિકાસ અધિકારીને સાથે રાખીને લેવામાં આવેલી આ મુલાકાતમાં હોસ્પિટલમાં કોવિડ પરિસ્થિતિ સહિતની વિવિધ બાબતે નિરીક્ષણ કરી અને ચર્ચા વિચારણાઓ કરવામાં આવી હતી. ખંભાળિયામાં આવેલી સિવિલ હોસ્પિટલમાં વર્તમાન પરિસ્થિતિ જાણવા તથા કોવિડ અંગે હોસ્પિટલની તૈયારી અંગે માહિતી મેળવવા ખંભાળિયાના ધારાસભ્ય તથા કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ ઓચિંતી મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર મનોજ કપૂર સાથે તેમણે કોવિડ પરિસ્થિતિ સામે લડત આપવા હોસ્પિટલ તંત્રની તૈયારી બાબતે ચર્ચા વિચારણાઓ કરી હતી. આ ઉપરાંત જિલ્લા કલેકટર એમ.એ. પંડ્યા તથા જિલ્લા વિકાસ અધિકારી ધાનાણી સાથે તેમણે હોસ્પિટલમાં આઈસોલેશન વિભાગ, ઈમરજન્સી રૂમ તેમજ પીએસએ પ્લાન્ટ તથા હોસ્પિટલના વિવિધ વોર્ડની રૂબરૂ મુલાકાત લીધી હતી. અહીં તેમના દ્વારા સુવિધાઓ તથા વર્તમાન પરિસ્થિતિનું જાત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને દવાઓના સ્ટોક સહિતની બાબતે ચર્ચા-વિચારણાઓ કરી, જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન જિલ્લાના સી.ડી.એચ.ઓ. ડો. મિતેશ ભંડેરી, આર.એમ.ઓ. ડો. લક્ષ્મણ કંડોરીયા, ડો. મેહુલ જેઠવા તથા ફિઝિશિયન ડો. દેથરીયા સહિતનો તબીબી સ્ટાફ પણ જોડાયો હતો. કેબિનેટ મંત્રી સાથે અહીંના અગ્રણી હરિભાઈ નકુમ, પરબતભાઈ ભાદરકા, રસિકભાઈ નકુમ, જીગ્નેશભાઈ પરમાર વગેરે જોડાયા હતા.

# ખંભાળિયાના ધારાસભ્યની નોટબુક, પેન અને સાકરથી તુલા કરાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨



ખંભાળિયા વિધાનસભાની યોજાઈ ગયેલી ચૂંટણીમાં વિજેતા બનેલા ધારાસભ્ય મુળુભાઈ બેરાએ નોંધપાત્ર મતની લીડથી મજબૂત હરીફ ઉમેદવારોને ટક્કર આપતા તેમને રાજય સરકાર દ્વારા કેબિનેટમાં સ્થાન અપાયું છે. આ અંગેની માનતા માની ચૂકેલા ખંભાળિયાના અગ્રણી ઈન્દ્રજીતસિંહ પરમાર તથા ધીરૂભાઈ ટાકોદરા દ્વારા ખંભાળિયા નજીક પોરબંદર રોડ ઉપર કેશોદ ગામે આવેલા શ્રી આવળ માતાજીના મંદિર ખાતે શનિવાર તા.૩૧ના રોજ કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાના વજન સાથે નોટબુક, પેન અને સાકરની તુલાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ નોટબુક, પેન વગેરેનું ગરીબોને વિતરણ કરવામાં આવેલ હતું.

# કોડીનાર અંબુજા સિમેન્ટ તેમની સામાજીક જવાબદારીમાં અગ્રેસર રહી લોકોને રોજગારી પૂરી પાડી ઉતમ કામગીરી કરી રહી છે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨

કોડીનારમાં આવેલ અંબુજા સિમેન્ટ કંપની શરૂઆતથી જ કોડીનાર તાલુકામાં સક્રિયપણે તેની સામાજિક જવાબદારી નિભાવી રહી છે. આ કાર્ય માટે કંપની દ્વારા અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશન (એ.સી.એફ.) સ્થાપના વર્ષા ૧૯૯૩માં કરવામાં આવી હતી. એ.સી.એફ. મુખ્યત્વે ગ્રામીણ સમુદાયો સાથે સહભાગી ધોરણે જરૂરિયાત આધારિત મુદ્દાઓ ઉપર કામ કરે છે, એ.સી.એફ.ના કાર્યક્ષેત્રોમાં પર્યાવરણ, સ્વચ્છતા, પાણી, કૃષિ આજીવિકા, કૌશલ્ય વિકાસ કાર્યક્રમો, સામુદાયિક આરોગ્ય, શિક્ષણ, મહિલા સશક્તિકરણનો વિકાસ છે. ફાઉન્ડેશન દ્વારા માતૃત્વ, બાળ અને કિશોર આરોગ્ય તેમજ સંચારી અને સંચારી રોગોની તપાસ, સારવાર અને જાગૃતિ કાર્યક્રમ તેમજ વિનામૂલ્યે વિવિધ આરોગ્ય તપાસ કેમ્પ કરવામાં આવે છે. સ્વાસ્થ્ય અને સફાઈ અંગે લોક જાગૃતિનું અભિયાન ચલાવવામાં આવે છે. ગામોમાં સ્વચ્છતા અને પર્યાવરણ સુધારા ઉપર ખાસ કામગીરી કરે છે. શૌચ મુક્ત ગામો માટે ૧૨૫૦૦થી પણ વધારે વ્યિક્તગત શૌચાલય બનાવવામાં આવેલ છે. હાલમાં ગામમાં ઘન અને પ્રવાહી કચરાનો સુઆયોજન નિકાલ માટે કામગીરી કરે છે. સરકારના સંલગ્ન વિભાગો અને ગ્રામપંચાયતના સહયોગથી કોડીનાર તાલુકાના વડનગર અને જગતિયા ગામોને સ્વચ્છતાના નમૂનારૂપ બનાવવાની કામગીરી હાથ ધારેલ છે. ફાઉન્ડેશન દ્વારા પ્લાસ્ટિક કચરો એકઠા કરતી મહિલાઓનું સ્વસહાય જૂથ બનાવીને આને સખી મંડળ યોજના સાથે જોડી આ પ્રવૃત્તિને વેગવંતી બનાવી કંપની દ્વારા યોગ્ય વળતર આપી પ્લાસ્ટિક એકઠું કરાવી અને તેનો પર્યાવર્ણીક યોગ્ય નિકાલ પણ કરવામાં આવે છે. સંસ્થા દ્વારા મહિલા સ્વસહાય જૂથોની રચના કરી સામાજિક અને આર્થિક સશકિતકરણ માટે પ્રોત્સાહન કરવામાં આવે છે. જિલ્લાના ૧૦૦થી પણ વધારે ગામોમાં ૧૦૦૦ સ્વસહાય જૂથોની રચના થયેલ છે જેમાં ૧૧૦૦૦થી પણ વધુ મહિલાઓ જોડાયેલ છે. આ વિસ્તારમાં સોરઠ મહિલા વિકાસ સહકારી મંડળીની પણ સ્થાપના કરવામાં આવેલ છે જે મહિલાઓના આર્થિક સામાજિક વિકાસની પ્રવૃતિઓ સક્રિયપણે હાથ ધરે છે. ફાઉન્ડેશન દ્વારા યુવાનોને કૌશલ્ય તાલીમ માટે તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવે છે. આ સેન્ટરમાં વેલ્ડર, ફીટર વગેરે યાત્રિક કોર્ષ તેમજ કોમ્પ્યુટર આધારિત અન્ય રોજગાર લક્ષી તાલીમ કોર્ષ ચલાવવામાં આવે છે. હાલ સુધીમાં ૮૨૦૦ થી પણ વધુ યુવાનોને તાલીમ આપવામાં આવેલ છે અને તેમાં ૮૧% થી વધુ યુવાનોએ રોજગારી મેળવેલ છે. ફાઉન્ડેશન દ્વારા શૈક્ષણિક કાર્યક્રમ અંતર્ગત વાંચન લેખન પ્રમોશન કાર્યક્રમ, શારીરિક શિક્ષણ અને સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમ કાર્યરત છે તેમજ વિજ્ઞાન પ્રવાહ પ્રોત્સાહન રૂપે મીની સાયન્સ લેબ ઉભી કરવામાં આવેલ છે. બાળકોમાં સ્વચ્છતા અને આરોગ્ય જળવાઈ રહે તેના માટે જાગૃતિ કર્યક્રમો પણ કરવામાં આવે છે. શરૂઆતના વર્ષોમાં ફાઉન્ડેશન દ્વારા ભૂગર્ભ જળ રિચાર્જ ઉપર મોટા પ્રમાણમાં કામગીરી કરવામાં આવેલ જેના પરિણામ રૂપે કોડીનાર અને આસપાસના વિસ્તારમાં ભૂગર્ભ જળ ઉપલબ્ધી વધી છે અને ખેડૂતો ત્રણ પાક લેતા થયા છે.

ભુગર્ભ જળનો કાર્યક્ષમ ઉપયોગ માટે સંસ્થા દ્વારા ખેડૂતોને ટપક પદ્ધતિ અપનાવવા માટે પ્રોત્સાહિત કરે છે જેથી માત્ર પાણીનો વપરાશ ઘટાડ્યો નથી પરંતુ પાકની ઉપજમાં પણ વધારો થયો છે. આમ ત્રણ દાયકા પહેલા ફાઉન્ડેશન દ્વારા થોડા ગામોમાં વિકાસ કાર્યોની જે શરૂઆત થયેલ હતી તે હાલમાં અંદાજે ૬૦૦ થી પણ વધુ ગામોમાં વિસ્તરેલ છે. ફાઉન્ડેશન તેની વિકાસ યાત્રા લોક સમુદાયને સાથે રાખી વિસ્તારમાં સમૃદ્ધિ લાવવાના પ્રયત્નો તરફ આગળ વધી રહેલ છે. ફાઉન્ડેશનના સામુદાયિક વિકાસના કામોને વ્યાપકપણે પ્રોત્સાહન મળેલ છે. ગયા વર્ષે જળ શક્તિ મંત્રાલય, ભારત સરકાર દ્વારા અંબુજા સીમેન્ટના જળ સંસાધન વિકાસ ઉપરના કાર્યને રાષ્ટ્રીય જળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. ગુજરાત સીએસઆર ઓથોરિટી એ અંબુજા સિમેન્ટને તેના જળ સંસાધનો અને આજીવિકા ઉપરના શ્રેષ્ઠ સીએસઆર પ્રોજેક્ટ્સ માટે એવોર્ડ પણ આપ્યો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# કોરોનાના સંભવિત ખતરા વચ્ચે સતર્કતાથી જીવવું પડશે

ડિસેમ્બર ૨૦૧૯માં ચીનના વુહાનથી પેદા થયેલા કોરોના વાયરસથી દુનિયામાં ફેલાયેલી મહામારી કોવિડ-૧૯નો અત્યાર સુધી અંત આવી જવો જોઈતો હતો. કારણ એ કે તેના વિરૂધ્ધ મોટાભાગની આબાદીને વેક્સિન અપાઈ ગઈ છે, કેટલાય લોકોએ બુસ્ટર ડોઝ પણ લઈ લીધા છે, પરંતુ જ્યારે આપણે કોવિડ-૧૯ના ખાતમાની સંભાવના વ્યક્ત કરી રહ્યા છીએ અને ભારત સહિત દુનિયાના કેટલાય દેશોની અર્થવ્યવસ્થા ફરીથી પાટા ઉપર ચડવાનો આભાર માની રહ્યા છીએ, ત્યારે ચીનમાં કોરોનાની નવી લહેરથી ૮૦ કરોડ જેટલા લોકો સંક્રમિત થવાની અને આગામી ત્રણેક મહિનામાં પાંચથી ૧૦ લાખ મોતની નવી આશંકા પેદા થઈ ગઈ છે. ખતરો એટલો જ નથી કે ચીનમાં બેહદ લાંબા ખેંચાયેલા સખત લોકડાઉન અને રસીકરણ છતાં મહામારી ત્યાં પાછી આવી છે, પરંતુ એ છે કે તેની ઝપટમાં આવેલા લોકો ફક્ત થોડી છીંકો દ્વારા દુનિયામાં ગમે ત્યાં તેનો નવો વાયરસ ફેલાવી શકે છે. દાવો કરાય છે કે ભારતમાં ગુજરાત અને ઓડિસામાં ઓમિક્રોનના વેરિયન્ટ બીએફ-૭નું આગમન થઈ ચૂક્યું છે.

આશા રાખીએ કે આ વાયરસ દેશમાં વધુ ન ફેલાય, પરંતુ જો એવું થાય તો દુનિયાને એ જ ઓછાયામાં જીવવા મજબૂર થવું પડશે, જેની ખોફનાક યાદોની છાપ હજુ પણ અગણિત લોકોના દિલોદિમાગમાં છપાઈ ગઈ છે. આંકડા જોઈએ તે કોવિડ-૧૯ની ભયાવહતાનો આપણને કંઈક અંદાજ આવી જાય. દુનિયામાં અત્યાર સુધી આ મહામારીના ૬૫.૪ કરોડ કેસ આવી ચૂક્યા છે અને ૬૬.૭ લાખ મોતોનો દાવો કરવામાં આવે છે. ચીન ઉપરાંત દુનિયાના કેટલાક દેશોએ માન્યું છે કે કોરોના ત્યાં ફરીથી ફેલાવા લાગ્યો છે. જાપાન, અમેરિકા, બ્રાઝિલ, દક્ષિણ કોરિયામાં કોરોનાના કેસો વધવાના સમાચાર છે. ભારતમાં એના ર ગંભીરતાથી વિચાર થઈ રહ્યો છે કે ચીનથી હવાઈ ઉડાનોને રોકી દેવામાં આવે.

ચીની વેક્સિનો (સાઈનોવેક અને સાઈનોફાર્મ) લગાવવા અને સતત ચાલુ રહેલા સખત લોકડાઉનની અસરથી શું ચીનમાં કોરોનાની રફતાર સહેજ પણ અટકી હતી? આ વિશે સચોટ રીતે કશું કહી ન શકાય, કારણ કે ચીનમાંથી કોઈ સમાચાર બહાર આવતા નથી. માની લઈએ કે ચીનમાં કોરોના વાયરસનો આ નવો વિસ્ફોટ છે તો તેનું કારણ એ કહેવાય છે કે ઝીરો કોવિડ પોલિસી અંતર્ગત અત્યધિક સખ્તાઈથી લાગુ કરવામાં આવેલ લોકડાઉનને કારણે ચીની લોકો અઢી-ત્રણ વર્ષથી વધુ સમયથી ઘરોમાં જ કેદ રહ્યા. એવામાં મોટાભાગના લોકોને કોરોનાની હળવી અસર પણ ન થઈ. તેથી ચીનની મોટાભાગની આબાદીમાં એ હર્ડ ઈમ્યુનિટી અથવા કહો કે પ્રાકૃતિક પ્રતિરોધક ક્ષમતા વિકસિત ન થઈ શકી, જેની આ પ્રકારની ચેપી બીમારીઓમાં સૌથી વધુ જરૂર હોય છે. તેથી હાલમાં સખત લોકડાઉનમાં થોડી છૂટ આપવા ઉપર જ્યારે લોકો ઘરોમાંથી બહાર નીકળ્યા ત્યારે બીએફ-૭ની ઝપટમાં આસાનીથી આવી ગયા અને ત્યાં હાલત વિસ્ફોટક થઈ ગઈ.

ભારતમાં જોકે લોકડાઉન વહેલું ખતમ કરી દેવાયું અને લોકો પોતાની સામાન્ય દિનચર્યા કરવા લાગ્યા, તેનાથી અહીંના યુવાઓમાં આવશ્યક હર્ડ ઈમ્યુનિટી વિકસિત થઈ ગઈ. આ ઈમ્યુનિટીના અભાવને કારણે જ ચીનમાં બી એફ-૭ વાયરસે પ્રકોપવરસાવ્યો. ચીનમાં કોરોના વિસ્ફોટ પાછળ તેની વેક્સિનો કમજોર હોવાનું પણ કહેવાય છે. તેનું પરિણામ એ આવ્યું કે ચીનના મોટાભાગના લોકોના શરીરમાં પર્યાપ્ત એન્ટીબોડી ન બન્યા. ઉપરથી લાંબા સમય સુધી બહારના સંપર્કથી કપાયેલા રહેવાને કારણે થોડાઘણા એન્ટીબોડીની અસર પણ ખતમ થઈ ગઈ, કારણ કે એવા એન્ટીબોડી શરીરમાં છ મહિના સુધી જ સક્રિય રહી શકે છે. કમજોર પ્રતિરોધક ક્ષમતા અને કમજોર વેક્સિનના પરિણામે કોશિકાઓમાં ટી-સેલ કે મેમરી સેલ પણ ન બની શક્યા.

દુનિયાનું ચક્ર ફરતું રાખવું હોય તો હવે સ્થિતિ એ છે કે દરેક સમયે સતર્ક રહેવું પડે, કારણ કે કોઈ નથી જાણતું કે ક્યારે કોઈ નવો વાયરસ કયા રૂપે હુમલો કરશે. એ જ રીતે વૈજ્ઞાનિક માનસિકતાને મહત્ત્વ મળે, નહિ કે રાજકીય નિવેદનબાજીને. યાદ કરો કે પૂર્વ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કઈ રીતે માસ્કને બિનજરૂરી ગણાવી દીધું હતું અને સતર્કતાની મજાક ઉડાવી હતી.

રસીકરણ એક ઉપાય છે, પરંતુ તેની સાથે જ એ પણ જરૂરી છે કે બધું જ સરકારો અને તેમના સ્વાસ્થ્ય તંત્ર ઉપર ન છોડવામાં આવે. ભીડ ન કરવા, માસ્ક લગાવવા અને એકબીજાથી અંતર રાખવા જેવા ઉપાય પર તો લોકોએ ખુદ અમલ કરવાનો છે. આ કામ સરકારો અને તેમના જાગૃકતા અભિયાનો પર છોડવું એક ઘાતક લાપરવાહી ગણાશે. હવે તો તેને એક નિયમ તરીકે લેવું પડશે કે ઘરની બહાર ગમે ત્યાં જતી વખતે માસ્ક લગાવવા, અંતર રાખવા અને હાથ ધોવાને જીવનચર્યાનો એક અનિવાર્ય ભાગ બનાવવામાં આવે. અફવાઓની રોકથામ કરવી પણ લોકોના હાથમાં છે. સારવાર અને રસીકરણને ધર્મ, જાતપાત વગેરે સાથે જોડવું અને અફવાઓ ફેલાવવી પણ અપરાધ છે, જેને લઈને મહામારી કાયદા અંતર્ગત કડક કાર્યવાહીની જરૂર છે.

જોકે અહીં એક સમસ્યા એ છે કે લાંબા સમય સુધી કોરોનાના ઓછાયામાં જીવી લેવા અને જરૂરી રસી લગાવી દીધા બાદ લોકોના મનમાં કોરોનાનો ડર નીકળી ગયો છે. પર્યટન સ્થળો ઉપર જરૂરિયાત કરતાં વધારે ભીડ ભેગી થઈ રહી છે, બજાર પહેલાં કરતાં ક્યાંય વધુ ભીડભર્યાં રહે છે. આ કારણે બેશક અર્થવ્યવસ્થા ફરીથી પાટા પર આવી રહી છે, તેનું બીજું પાસું એ છે કે લોકોએ બે મીટરના અંતરના નિયમને ભૂલાવી દીધો છે. મોટાભાગના લોકોને માસ્ક પહેરવું કંટાળાજનક લાગે છે અને હાથ ધોવાનું તો જાણે પાપ લાગે છે. લાગે છે કે લોકોએ માની લીધું છે કે હવે કોરોના સાથે જિંદગીભરનો સાથ થઈ ગયો છે. આ પ્રવૃત્તિ ઘાતક છે અને કોરોનાની વાપસીના રસ્તા આ જ પ્રવૃત્તિઓથી ખૂલે છે.

### દેશના વાણિજ્ય મંત્રાલયે માહિતી આપી

# વર્ષમાં ઘઉં, ચોખા સહિતના ઉત્પાદનોની નિકાસમાં વધારો

## એપ્રિલ-નવેમ્બરમાં ૨૯.૨૯ ટકા વધીને ૧.૫૦ અબજ ડોલર પર પહોંચી, ગયા વર્ષે ૧.૧૭ અબજ ડોલર હતી



નવી દિલ્હી, તા.૨ ઘઉંની નિકાસ ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-નવેમ્બર દરમિયાન ૨૯.૨૯ ટકા વધીને ૧.૫૦ અબજ ડોલર પર પહોંચી ગઈ, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૧.૧૭ અબજ ડોલર હતી. વાણિજ્ય મંત્રાલયે આ જાણકારી આપી છે.

જોકે સરકારે મે માસમાં ઘઉંની નિકાસ પર પ્રતિબંધ લાદ્યો હતો પરંતુ વિનંતી કરનારા દેશોની ખાદ્ય સુરક્ષા જરૂરિયાતોને પૂરી કરવા માટે થોડી ઘણી નિકાસ કરવાની પરવાનગી છે.

મંત્રાલયે કહ્યુ કે બાસમતી ચોખાની નિકાસ પણ એપ્રિલ-નવેમ્બર ૨૦૨૨ દરમિયાન ૩૯.૨૬ ટકા વધીને ૨.૮૭ અબજ ડોલર થઈ ગઈ, જ્યારે આ સમયગાળામાં બિન-બાસમતી ચોખાની નિકાસ ૫ ટકા વધીને ૪.૨ અબજ ડોલરની રહી.

ચાલુ નાણાકીય વર્ષના ૮ મહિનામાં ઘઉંની નિકાસ ૨૯.૨૯ ટકા વધારીને ૧૫૦.૮ કરોડ ડોલરની થઈ ગઈ જે એપ્રિલ-નવેમ્બર ૨૦૨૧માં ૧૧૬.૬ કરોડ ડોલર રહી હતી. ચાલુ નાણાકીય વર્ષના ૮ મહિનામાં કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સની નિકાસ ૧૬ ટકા વધીને ૧૭.૪૩ અબજ ડોલરની થઈ ગઈ.

મંત્રાલયે કહ્યુ, વર્ષ ૨૦૨૨-૨૩ માં કૃષિ અને પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ માટે ૨૩.૫૬ અબજ ડોલરની નિકાસ લક્ષ્ય નક્કી કરવામાં આવ્યુ છે અને ચાલુ નાણાકીય વર્ષના ૮ મહિનામાં ૧૭.૪૩૫ અબજ ડોલરની નિકાસ પહેલા જ પ્રાપ્ત કરવામાં આવી ચૂકી છે. ચાલુ નાણાકીય વર્ષના ૮ મહિનામાં દાળની નિકાસ ૯૦.૪૯ ટકા વધીને ૩૯.૨ કરોડ ડોલરની રહી. આ રીતે ડેરી પ્રોડક્ટ્સની નિકાસ ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલ-નવેમ્બર દરમિયાન ૩૩.૭૭ ટકા વધીને ૪૨.૧ કરોડ ડોલર રહી જે એક વર્ષ પહેલા આ સમયગાળામાં ૩૧.૫ કરોડ ડોલર રહી હતી.

### રાજસ્થાનનાં બાડમેર જિલ્લાની મહિલાઓની સિદ્ધિ

# બકરીના દૂધમાંથી સાબુ તૈયાર કરતી રાજસ્થાનની મહિલાઓ

## ઓર્ગેનિક ગુણના કારણે ત્વચા સુકાઈ જવી, ડ્રાઈ સ્કીન, ડાર્ક સ્પોટને સાબુ ઠીક કરે છે : સાબુની કિંમત રૂ.૧૫૦

બાડમેર, તા.૨ રાજસ્થાનનાં સરહદી બાડમેર જિલ્લાની મહિલાઓ હવે બકરીના દૂધમાંથી સાબુ તૈયાર કરી રહી છીએ. આ સાબુ ત્વચા સંબંધી કેટલાય રોગની સારવારમાં ઉપયોગ લેવાય છે. આ ઉપરાંત ઓર્ગેનિક ગુણના કારણે ત્વચા સુકાઈ જવી, ડ્રાઈ સ્કીન, ડાર્કસ્પોટને પણ આ સાબુ ઠીક કરે છે. એક સાબુની કિંમત લગભગ ૧૫૦ રૂપિયા છે. પાકિસ્તાનની સરહદથી અડીને આવેલા હરસાણી ગામની ૨૯ મહિલાઓ આ સાબુ બનાવી રહી છે.

પાકિસ્તાનને સરહદે અડીને આવેલા બાડમેર જિલ્લાના સરહદી વિસ્તાર હરસાણી ગામની મહિલાઓ આત્મનિર્ભર બનવા માટે સ્વરોજગાર સાથે જોડાયેલ છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે, આ સાબુ કેટલીય બીમારીઓ દૂર કરશે.

ભારતીય સ્ટેટ બેંક આરસેટી બાડમેર અને રાજીવિકા બાડમેરના સંયુક્ત ઉપક્રમે હરસાનીમાં સ્વસહાય જૂથ ગ્રુપની મહિલાઓને નવાચાર, રોજગાર સૃજન, મહિલા સશક્તિકરણ, આજીવિકા સવર્ધનના ઉદ્દેશ્યથી ગોટ મિલ્ટ શોપ કાર્યક્રમ આયોજીત કરે છે. ફક્ત ૬ દિવસ સુધી આયોજીત થનારા આ ટ્રેનિંગ બાદ હવે મહિલાઓ ઘરે બેઠા બકરીના દૂધથી સાબુ બનાવી રહી છે. બકરીના દૂધથી લીમડા, ડેટોલ તથા જાસ્મિનના સાબુ બનાવે છે, જે ત્વચાના રોગ દૂર કરે છે.

ટ્રેનિંગ લેવા માટે આવેલી હરસાણીની હરિયા કંવરનું ક્હેવું છે કે, બકરીના દૂધનો સાબુ બનાવવા માટે ૬ દિવસની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. જે ખૂબ જ સરળ છે અને મહિલાઓ આરામથી શીખી શકે છે અને પોતાનું સ્વરોજગાર શરુ કરી શકે છે. તો વળી મમતાનું કહેવું છે કે, બકરીના દૂધથી સાબુ બનાવાની વિધિ ખૂબ જ સરળ છે અને તેનાથી મહિલા ઘર બેઠા સ્વરોજગાર સાથે જોડાયેલ આત્મનિર્ભર થઈ શકે છે. ભારતીય સ્ટેટ બેક્ર આરસેટીના નિર્દેશક બ્રજેશ કુમારનું કહેવું છે કે, આવનારા સમયમાં આ સંસ્થા બાજરીથી બનેલી વસ્તુ, બિસ્કુટ, ગોટ મિલ્ક સોપ, પેપર ફાઈલ કવર, અગરબત્તી મેકિંગ, મીણબત્તી, હર્બલ ઉત્પાદન, મિલેટ વગેરે બનાવાની ટ્રેનિંગનું આયોજન કરાયું છે.

જેસલમેરથી આવેલ માસ્ટર ટ્રેનર સજ્જન કંવર ભાટીએ જણાવ્યુંછે કે, જોધપુરથી રો મેટીરિયલ લાવીને મહિલાઓને ટ્રેનિંગ આપવામા આવી રહી છે. સાબુના બેઝમાં ૨૦૦ ગ્રામ બકરીનું દૂધ ભેળવીને અલગ અલગ ફ્લેવર એટલે કે, લીમડા, લીંબુ, જાસ્મિન, ડેટોલ નાખીને સાબુ તૈયાર કરવામાં આવે છે. એક સાબુ ૧૫૦ રૂપિયાની કિંમતે બજારમાં વેચાય છે. સાથે જ તેના ઔષધીય ગુણના હિસાબે તેની ડિમાન્ડ પણ વધી રહી છે. આ સાબુની માગ દિલ્હી, મુંબઈ સુધી છે.

### આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

એવું સત્ય બોલવું જોઈએ જે હિત-મિત અને ગ્રાહ્ય થઈ શકે.

- પ્રશ્નવ્યાકરણ સૂત્ર

**: આજનું પંચાંગ :**

: પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-આખર-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ સુદ-૧૧ પુત્રદા એકાદશી, વૈકુંઠ એકાદશી તા.૨ જાન્યુઆરી ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૦, મુસ્લિમ તા.૯, ભરણી નક્ષત્ર, સાધ્ય યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૩૩, સૂ.અ.૬:૧૬

આજનો દિવસ બપોરે ૧૧:૪૭ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ), રાત્રે ૮:૫૫ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### ગણતંત્ર દિવસ ૨૦૨૩ની તૈયારીઓ શરૂ કરી દેવાઈ

# પ્રથમવાર મહિલાઓ બીએસએફની ઊંટ સવારી ટુકડીમાં ભાગ લેશે

## ગણતંત્ર દિવસમાં ખૂબ જ ખાસ શાહી ડ્રેસમાં મહિલા પ્રહરીઓ બીએસએફ ઊંટ સવારી ટુકડીનો ભાગ બનશે

નવી દિલ્હી, તા.૨ ગણતંત્ર દિવસ ૨૦૨૩ની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ વર્ષે ભારતના ગણતંત્ર દિવસ પર મુખ્ય મેહમાન તરીકે ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી આવી શકે છે. ઉપરાંત આ ગણતંત્ર દિવસમાં પ્રથમ વખત, મહિલાઓ પણ ૨૦૨૩ની પરેડમાં બીએસએફની ઊંટ સવારી ટુકડીમાં ભાગ લેવા જઈ રહી છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સની ઊંટ સવારી ટુકડીમાં પ્રથમ વખત મહિલા રક્ષકો પુરૂષ જવાનો સાથે પરેડમાં ભાગ લેશે. ખૂબ જ ખાસ શાહી ડ્રેસમાં મહિલા પ્રહરીઓ બીએસએફ ઊંટ સવારી ટુકડીનો ભાગ બનશે. બીએસએફની પ્રસિદ્ધ ઊંટ ટુકડી ૧૯૭૬ થી પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો ભાગ છે અને આ વખતે તેમાં મહિલાઓનો સમાવેશ ઐતિહાસિક ઘટના હશે. મહિલા રક્ષકોનો શાહી પોશાક ખાસ કરીને તેમના પુરૂષ સમકક્ષો સાથે ઊંટની સવારી માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. મહિલા રક્ષકો માટેનો ડ્રેસ જાણીતા ડિઝાઈનર રાઘવેન્દ્ર રાઠોડે ડિઝાઈન કર્યો છે. મહિલા રક્ષકો માટે બનાવાયેલ આ ડ્રેસ દેશના અનેક અમૂલ્ય હસ્તકલાના સ્વરૂપોનું પ્રતિનિધિત્વ કરે છે. તે દેશના જુદા જુદા ભાગોમાં ઉત્પાદિત થાય છે અને રાઘવેન્દ્ર રાઠોડના જોધપુર સ્ટુડિયોમાં ઘરની અંદર એસેમ્બલ થાય છે. બીએસએફ મહિલા રક્ષકોના શાહી ડ્રેસના ફેબ્રિકમાં વારાણસીમાં હાથથી કરવામાં આવતા જરદોઝી વર્કનો પણ સમાવેશ થાય છે. શાહી પહેરવેશમાં સમાવિષ્ટ પાઘડીને રાજસ્થાનના મેવાડ ક્ષેત્રના સાંસ્કૃતિક વારસાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. મેવાડમાં પ્રતિષ્ઠા અને સન્માનના પ્રતીક તરીકે જોવામાં આવતી પાઘ, રાજસ્થાનના લોકોના સાંસ્કૃતિક પોશાકનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા.૦૨-૦૧-૨૦૨૩ થી ૭-૧-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

| મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ | વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર | મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ | કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર | સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય | કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ |
|---|---|---|---|---|---|
| પારિવારીક મદદથી અગત્યના કાર્યમાં સફળતા મળેવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલ્લિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુ વર્ગ નિર્બળ બને. જો કોઈ સમસ્યા હોય તો તેનું સમાધાન થાયે તેવો સમય છે. આરોગ્ય અંગે સાવચેતી રાખવા જેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ. | મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહસભર પૂર્ણ કરી શકશો. ભાવાત્મક પીડા અનુભવાય. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગત્તિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મીઠી મૂંઝવણ દૂર કરી શકશો. | આ સમય દરમિયાન તંદુરસ્તી બાબતે ખાસ સાવચેત રહેવું. નાણાંકીય રોકાણકારોએ પ્રતિકૂળ સમય હોઈ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દામ્પત્ય જીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી થશે. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું. | આ સપ્તાહ દરમિયાન સંતાન સંબંધિ ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધિઓની મદદ મળે. મહત્વનાના નિર્ણયો આ સપ્તાહ દરમિયાન મોકુફ રાખવા હિતાવહ. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધિ નવા માર્ગો ખૂલ્લે. મનની મૂંઝવણ દૂર કરી શકશો. નાનો આકસ્મીક આર્થિક ખર્ચનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ. | આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બઢતી-બદલીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહે ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પરા પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો. | વિદ્યાર્થીઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યમાં મંદગતિ રહે. સંતાન વર્ગ બાબતની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા અનુભવાય. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનો સાથે સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં સફળતા મળે તેમજ યશ, વૃધ્ધિ પણ થાય. |
| **તુલા : ર.ત. સ્વામિ - શુક્ર** | **વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ** | **ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ** | **મકર : ખ.જ. સ્વામિ - શની** | **કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની** | **મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ** |
| સપ્તાહની શરૂઆતમાં નાણાંકિય તંગી અનુભવાય. આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાન ભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ દાળ ગળે નહિં. | આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલ વર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પણ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ. | આ સપ્તાહ દરમિયાન સામાજિક કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. માનસિક મૂંઝવણ દૂર કરી શકશો. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રસન્નતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગે ગોઠવણ થાય. દોડા-દોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવી મોજ શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય. | આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ ન બની જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવવાનો વખત આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ તકેદારી રાખવી. | આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્ર ફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યમાં રૂચિ વધે. આપત્તિ ટળે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ પ્રમોદમાં અધિકતા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે. | કાર્યની અધિકતાનો કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષ પ્રબળ બને. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. અકારણ ગુસ્સો રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજનો ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ-મુસાફરીમાં સફળતા મળે. ભાગીદારી વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યમાં સફળતા મળે. |

# છેલ્લા ૩ વર્ષમાં કેનેડા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ જનારા ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો અને બ્રિટન જવાનું વલણ વધ્યું છે

નવી દિલ્હી તા.૨

સંસદના ડેટા દર્શાવે છે કે યુકે છેલ્લા ત્રણ વર્ષથી ભારતીય વિદ્યાર્થીઓની પસંદગી રહ્યું છે. પોસ્ટ વર્ક વિઝા ખોલવા તેનું એક મોટું કારણ છે. કોવિડ અને તેના કડક નિયમોને કારણે વિદ્યાર્થીઓ ભાગ્યેજ અન્ય દેશોમાં જઈ રહ્યા છે. જયારે વિદેશમાં અભ્યાસ કરવાની વાત આવે છે, ત્યારે ભારતીય વિદ્યાર્થીઓની પસંદગી હંમેશા ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડા રહી છે. પરંતુ છેલ્લા ત્રણ વર્ષમાં આ દેશોમાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. જયારે યુનાઈટેડ કિંગડમ તરફ તેમનો ઝુકાવ વધ્યો છે.

નિષ્ણાંતોનું કહેવું છે કે આની પાછળ કોવિડથી લઈને વિદ્યાર્થીઓની પસંદગીમાં વિવિધ કારણો જવાબદાર છે. તાજેતરમાં રાજયસભામાં શેર કરાયેલ ડેટા દર્શાવે છે કે ૨૦૧૯થી ૨૦૨૧ દરમ્યાન અભ્યાસ માટે વિદેશ જનારા વિદ્યાર્થીઓની કુલ સંખ્યામાં ઘટાડો થયો છે. ૨૦૧૯-૨૦માં ૫,૮૬,૩૩૭ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશ ગયા હતા, જ્યારે રોગચાળા પછીના વર્ષોમાં આ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો હતો. ૨૦૨૦-૨૧માં ૨,૫૯,૬૫૫ અને ૨૦૨૧-૨૨માં ૪,૪૪,૫૫૩ વિદ્યાર્થીઓ વિદેશ ગયા છે. જો ન્યૂઝીલેન્ડની વાત કરીએ તો આ દેશમાં સૌથી ઓછા આંકડા છે. ૨૦૨૧-૨૨ માં માત્ર ૬૪ વિદ્યાર્થીઓ અહીં ગયા હતા, જયારે ૨૦૨૦-૨૧માં આ સંખ્યા ૫,૩૨૧ અને ૨૦૧૯-૨૦માં ૧૦,૨૯૭ હતી. આવો જ ટ્રેન્ડ ઓસ્ટ્રેલિયામાં માટે પણ સામે આવ્યો છે. ૨૦૧૯-૨૦માં, ૭૩,૮૦૮ વિદ્યાર્થીઓ આ દેશ માટે રવાના થયા હતા. પરંતુ ૨૦૨૧-૨૨માંઆ સંખ્યા ઘટીને ૮,૯૫૦ થઈ ગઈ. કેનેડામાં પણ જયાં ૨૦૧૯-૨૦માં ૧,૩૨,૬૨૦ વિદ્યાર્થીઓ ગયા હતા, અને ૨૦૨૧-૨૨માં આ સંખ્યા વધીને ૧,૦૨,૬૮૮ થઈ ગઈ છે. આ ત્રણેય દેશો હંમેશા ભારતીય વિદ્યાર્થીઓમાં ખૂબ જ લોકપ્રિય છે. પરંતુ જ્યારે યુકેની વાત આવે છે, ત્યારે આ આંકડા બદલાયા હોય તેવું લાગે છે. ૨૦૧૯-૨૦માં ૩૬,૬૧૨ વિદ્યાર્થીઓ બ્રિટન ગયા હતા. ૨૦૨૦-૨૧માં આ સંખ્યા વધીને ૪૪,૯૦૧ અને ૨૦૨૧-૨૨માં ૭૭,૮૫૫ થઈ ગઈ હતી. રોગચાળા પછી વિદેશ જનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘટાડો થયો હોવા છતાં, અમેરિકા માટે આ સંખ્યા વધુ બદલાય નથી. ૨૦૧૯-૨૦માં ૧,૨૨,૫૩૫ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે ત્યાં ગયા હતા. ૨૦૨૦-૨૧માં આ સંખ્યા ઘટીને ૬૨,૪૧૫ થઈ અને ૨૦૨૧-૨૨માં ફરી ૧,૨૫,૧૧૫ થઈ ગઈ હતી. આ ટ્રેન્ડમાં આવેલા બદલાવ વિષે વાત કરતાં નિષ્ણાંતોએ કહ્યું છે કે વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ન જવાનું કારણ કોવિડને કારણે વિઝા ઉપર લગાવવામાં આવેલા પ્રતિબંધો છે. કદાચ આવતા વર્ષો આ સંખ્યામાં વધારો થશે. કેનેડા માટે તેમણે કહ્યું કે આ દેશ તેના વિદ્યાર્થીઓના પ્રવેશને લઈને કડક છે અને તેથી આ સંખ્યા ઓછી થઈ છે.

સ્ટડી અબ્રોડ પ્લેટફોર્મ 'યોસેટ'ના સહ-સ્થાપક અને ઉચ્ચ શિક્ષણ નિષ્ણાંત સુમિત જૈને જણાવ્યું હતું કે, 'ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડે વિદ્યાર્થીઓ માટે તેમના દરવાજા ખોલ્યા છે. કોવિડ પ્રતિબંધોને કારણે ત્યાં જવું સરળ ન હતું. તેથી જ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહી છે. પરંતુ હવે તે ફરીથી વધશે કારણ કે પ્રતિબંધો હળવા કરવામાં આવ્યા છે. કેનેડા વિશે વાત કરતાં તેમણે કહ્યું કે, 'સ્ટુડન્ટ વિઝા ઉપર જતા લોકો સાથે ખૂબ જ કડક વ્યવહાર કરવામાં આવે છે. ઘણીવાર ત્યાં જનારા ઘણા લોકોની પ્રોફાઈલ સારી હોતી નથી. તેઓ નથી ઈચ્છતા કે આવા લોકો તેમના દેશમાં આવે, તેથી હવે તેઓ આવી પ્રોફાઈલને નકારી કાઢવા માંગે છે. યુકેની સંખ્યા વધવા અંગે તેમણે કહ્યું કે, આ સંખ્યા વધી છે કારણ કે યુકેએ વિદ્યાર્થીઓ માટે પોસ્ટ વર્ક વિઝા ખોલ્યા છે. તેમણે કહ્યું કે, જો યુકે પણ કેનેડાની જેમ કડક નિયમો અપનાવશે, તો ભવિષ્યમાં આ સંખ્યામાં વધારો નહીં થાય. વિદેશી શિક્ષણ માટે દિલ્હી સ્થિત સલાહકાર નતાશા જૈને જણાવ્યું હતું કે, યુકેના વડાપ્રધાન વિદેશી વિદ્યાર્થીઓ ઉપર પ્રતિબંધ મૂકવાની અને માત્ર મોટી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને જ સ્વીકારવાની વાત કરી રહ્યા છે. કદાચ ભવિષ્યમાં યુકે જનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ નહીં હોય. તેમણે વધુમાં કહ્યું કે ભવિષ્યમાં નીતિઓ કેવી રીતે ઘડવામાં આવે છે તે રાહ જોવી વધુ સારું રહેશે. આ ક્ષણે, વિદ્યાર્થીઓ પોસ્ટ સ્ટડી વિઝાની તક ગુમાવવા માંગતા નથી.

# ધોરણ-૧૨ સાયન્સ માટે ૩ જાન્યુઆરી સુધી પ્રિન્સિપાલ એપ્રુવલ આપવા તાકીદ

### શિક્ષણ બોર્ડ દ્વારા સાયન્સના ફોર્મ ભરવાને લઈ રાજ્યની શાળાઓને સૂચના અપાઈ

અમદાવાદ, તા.૨

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓના ફોર્મનું પ્રિન્સિપાલ એપ્રુવલ ૩ જાન્યુઆરી સુધીમાં આપી દેવા માટે સૂચના આપી છે. હાલમાં ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે અને ૩ જાન્યુઆરી સુધી ફોર્મ ભરી શકાશે. જો કે, આ જ સમયગાળા દરમ્યાન શાળાઓએ પ્રિન્સિપાલ એપ્રુવલ આપવાની રહેશે. ત્યારબાદ કોઈ સુધારા વધારા કરી શકાશે નહીં. જો કે, શાળાઓ ફી ૯ જાન્યુઆરી સુધી ચૂકવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો.૧૨ સાયન્સની માર્ચમાં લેવામાં આવનારી પરીક્ષા માટેના ફોર્મ ભરવાની કાર્યવાહી હાલમાં ચાલી રહી છે. શાળાઓ અને વિદ્યાર્થીઓ ૩ જાન્યુઆરી સુધી લેઈટ ફી સાથે ફોર્મ ભરી શકે તેવી વ્યવસ્થા બોર્ડ દ્વારા કરવામાં આવેલી છે. ફોર્મ ભર્યા બાદ પ્રિન્સિપાલ એપ્રુવલ આપવાનું હોય છે, જે ઘણી સ્કૂલોમાં બાકી હોવાનું જાણવા મળે છે જેથી નિયત સમયમર્યાદામાં તમામ વિદ્યાર્થીઓના પ્રિન્સિપાલ એપ્રુવલ થઈ જાય તે માટે બોર્ડે સૂચના આપી છે. શિક્ષણ બોર્ડ દ્વારા રાજ્યની તમામ શાળાઓને સૂચના આપી છે કે, ધો.૧૨ સાયન્સના ફોર્મ ભરવાની કાર્યવાહીમાં જે શાળાઓએ પ્રિન્સિપાલ એપ્રુવલ આપવાનું બાકી છે તેમણે તાત્કાલિક પ્રિન્સિપાલ એપ્રુવલની કામગીરી પૂર્ણ કરવાની રહેશે. આ ઉપરાંત આવેદનપત્રમાં કોઈ પણ સુધારા વધારાના કરવાના બાકી હોય તો તે પણ ૩ જાન્યુઆરી સુધીમાં પૂર્ણ કરી દેવાના રહેશે. ત્યારબાદ કોઈપણ પ્રકારના સુધારા વધારા કરી શકાશે નહીં. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ ૯ જાન્યુઆરી સુધી સ્કૂલો બાકી રહેતી ફીની ચૂકવણી કરી શકશે તેમ પણ બોર્ડ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### અગાઉ પણ આ જ આરોપીએ અન્ય જજ ઉપર ચંપલ ફેંક્યું હતું !

# નવસારીમાં ચાલુ કોર્ટમાં આરોપીએ મહિલા જજ ઉપર ફેંક્યો પથ્થર !

### સદ્નસીબે પથ્થર દીવાલ ઉપર ટકરાતા જજનો બચાવ : ત્રણ પો.કર્મી ફરજ મોકૂફ

અમદાવાદ, તા.૨

નવસારીમાં કોર્ટ કાર્યવાહી દરમ્યાન મહિલા જજ ઉપર હાફ મર્ડરના આરોપીઓ છુટ્ટો પથ્થર ફેંકતા ચકચાર મચી જવા પામી છે. સદ્નસીબે મહિલા જજને પથ્થર ન વાગતા તેમનો બચાવ થયો હતો. આ ઘટના બાદ કોર્ટમાં આરોપી ઉપર અન્ય જજો અને વકીલોએ રોષ ઠાલવ્યો હતો. જો કે અગાઉ પણ આજ આરોપીએ ન્યાયાધીશ ઉપર ચંપલ વડે હુમલો કર્યો હતો. નવસારી સેશન્સ કોર્ટમાં આજે સવારે ૧૧:૩૦ વાગે થર્ડ એડિશનલ ડિસ્ટ્રીકટ સેશન્સ જજ ઉપર આરોપીએ કોર્ટ કાર્યવાહી દરમ્યાન છુટ્ટો પથ્થર ફેંકયો હતો. જો કે સદનસીબે મહિલા જજને પથ્થર વાગ્યો નહોતો. આ વાત કોર્ટ પરિસરમાં ફેલાતા આરોપી ઉપર રોષ વરસવા સાથે નવસારી બાર એસોસિએશને સમગ્ર ઘટનાને વખોડી હતી. ૨૦૧૯ના મારામારી કેસના આરોપી ધર્મેશ સુખદેવ ઉર્ફે કાળિયો ગુલાબ રાઠોડ, જે મૂળ સુરત રહે છે. તેણે નવસારીના કબીલપોર રહેતા લોકો સાથે મારામારી કરી હતી અને ૩૨૬ના ગુનાના કામે તેના ઉપર કેસ કાર્યરત છે. જે પૈકી આજે સવારે ૧૧:૩૦ વાગે થર્ડ એડિશનલ ડિસ્ટ્રીકટ સેશન્સ જજ એ.આર. દેસાઈ ઉપર કોર્ટ કાર્યવાહી કરવા દરમ્યાન ખિસ્સામાંથી પથ્થર કાઢીને છુટ્ટો ફેંકયો હતો. આ પથ્થર દીવાલ ઉપર ટકરાયો હતો અને મહિલા જજનો બચાવ થયો હતો. આ સમગ્ર ઘટનાની શહેરભરમાં વ્યાપક ચર્ચા થઈ હતી. અગાઉ પણ આ જ આરોપીએ એમ.એ.શેખ નામના જજ ઉપર ચંપલ વડે હુમલો કર્યો હતો, જો કે ત્યારે પણ જજને ચંપલ વાગતા બચ્યું હતું. આરોપીએ જેલમાંથી પથ્થર પોતાના ખિસ્સામાં મૂકયો હતો અને જેલ જપ્તાની નજર ચૂકવીને કોર્ટરૂમ સુધી પથ્થર લઈ ગયો હતો. આ સમગ્ર મુદ્દે જેલ જાપતાએ પણ આરોપીની ચકાસણી કરવી જોઈતી હતી એવી વાત પરિસરમાં ચર્ચાઈ રહી છે. આ જ આરોપીએ અગાઉ જજ ઉપર ચંપલ ફેક્યું હતું ત્યારે આરોપીની ચકાસણી થવી જોઈએ એવી વાત પણ ચર્ચાઈ રહી છે. દરમ્યાન આ બનાવને લઈ ત્રણ પોલીસ કર્મીને ફરજ મોકૂફ કરવામાં આવ્યાં છે. જિલ્લા પોલીસ અધિક્ષકે જાપ્તા પાર્ટી પોલીસ કર્મીઓને ફરજમાં બેદરકારી બદલ ફરજ મોકૂફ કર્યા છે. જેમાં રવીન્દ્ર ટંડેલ, પંકિત પટેલ તેમજ રાજેશ પટેલનો સમાવેશ થાય છે.

# PM કિસાનનો ૧૩મો હપ્તો પહેલી જાન્યુ.એ જમા થઈ શકે છે

નવી દિલ્હી, તા.૨

સરકારે તાજેતરમાં જ પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના નો ૧૨મો હપ્તો બહાર પાડ્યો છે અને હવે ખેડૂતો યોજનાના આગામી અથવા ૧૩મા હપ્તાની રાહ જોઈ રહ્યા છે. જો તમે પણ એવા ખેડૂતોમાંથી એક છો જે આગામી હપ્તાની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, તો અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે ૧૩મા હપ્તાના ૨,૦૦૦ રૂપિયા ખેડૂતોના ખાતામાં ક્યારે આવશે. પીએમ-કિસાન યોજના હેઠળ, તમામ જમીનધારક ખેડૂતોના પરિવારોને દર વર્ષે રૂા.૬,૦૦૦ના નાણાકીય લાભો આપવામાં આવે છે, જે પ્રત્યેક રૂ. ૨,૦૦૦ના ત્રણ સમાન હપ્તામાં ચૂકવવાપાત્ર છે.

ગયા વર્ષે પીએમ કિસાન યોજનાનો હપ્તો ૧ જાન્યુઆરીએ બહાર પાડવામાં આવ્યો હતો અને તેથી આ વખતે પણ સરકાર જાન્યુઆરીમાં નાણાં ટ્રાન્સફર કરે તેવી શક્યતા છે. જો કે સરકાર દ્વારા આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જો તમે પણ આ યોજનાનો લાભ લેવા માંગતા હોવ તો રજીસ્ટ્રેશન કરાવવું પડશે. આ સાથે એક શરત પણ છે કે તમારૂ આધાર કાર્ડ બેંક ખાતા સાથે લિંક હોવું જોઈએ. નોંધણી માટે, ખેડૂતોએ તેમના રેશન કાર્ડની વિગતો અપલોડ કરવાની રહેશે અને અન્ય જરૂરી દસ્તાવેજોની સોફ્ટ કોપી સબમિટ કરવાની રહેશે. જે ખેડૂતોએ હજુ સુધી ઈ-કેવાયસી કર્યું નથી, તે ખેડૂતો બે રીતે પીએમ કિસાન માટે ઈ-કેવાયસી પૂર્ણ કરી શકે છે. આ કામ PM કિસાનની ઓફિશિયલ વેબસાઈટ દ્વારા ઘરે બેસીને ઓનલાઈન કરી શકાય છે. આ ઉપરાંત ખેડૂતો નજીકના કોમન સર્વિસ સેન્ટરની મુલાકાત લઈને પણ તેમનું ઈ-કેવાયસી કરાવી શકે છે. જો ખેડૂત પોતે ઓટીપી દ્વારા ઈ-કેવાયસી કરે છે, તો તમારે કોઈ પૈસા ચૂકવવા પડશે નહીં, જ્યારે જો તે કોમન સર્વિસ સેન્ટર ઉપર જઈને ઈકેવાયસી કરાવે છે, તો તેણે તેના માટે થોડા રૂપિયા ખર્ચવા પડશે.

# "ભગવાન રામ અને હનુમાનની ભક્તિ ઉપર ભાજપનો કોપીરાઈટ નથી'' : ઉમા ભારતી



છિંદવાડા, તા.૨

ભાજપના સમર્થકોને કઈ પાર્ટીને મત આપવો તે નક્કી કરવાનું જણાવ્યાના એક દિવસ પછી ભાજપના સિનિયર નેતા ઉમા ભારતીએ પાર્ટી માટે વધુ એક મુશ્કેલી ઊભી કરી છે. રાજ્યમાં હનુમાન મંદિર બનાવવાના મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યંત્રી કમલનાથ અંગેના એક સવાનો જવાબ આપતાં તેમણે કહ્યું કે, "ભગવાન રામ અને હનુમાનની ભક્તિ ભાજપનું કોપીરાઈટ નથી.'' તેમણે શરાબ ઉપર પ્રતિબંધની માંગણી સાથે શિવરાજસિંહ ચૌહાણની આગેવાનીવાળી રાજ્ય સરકારનો પણ ઘેરી હતી. તાજેતરમાં જ તેમણે મધ્યપ્રદેશમાં શરાબ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની માંગ સાથે શરાબની દુકાનો ઉપર પથ્થર ફેંકવા માટે સમાચારોમાં ચગ્યા હતા.

ઉમા ભારતી પણ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી રહી ચૂકયા છે અને ત્યાં પાર્ટીના ટોચના નેતાઓમાંથી એક છે તેઓ તેમને કોરાણે મૂકવા બદલ પાર્ટીથી નારાજ ચાલી રહ્યા છે. સાથે જ તેમણે મધ્યપ્રદેશના વિવાદિત સાંસદ પ્રજ્ઞા ઠાકુરના હિંદુઓનો છરી રાખવાના નિવેદનને ટેકો આપ્યો હતો. ઉમા ભારતીએ જણાવ્યું હતું કે, "ભગવાન રામે પણ વનવાસ દરમ્યાન શસ્ત્રો ન છોડવાની પ્રતિજ્ઞા લીધી હતી.'' સાથે જ તેમણે કહ્યું કે, હથિયાર રાખવા ખોટું નથી પરંતુ હિંસક વિચાર રાખવા ખોટું છે. તેઓ પ્રજ્ઞા ઠાકુરદ્વારા વિવાદિત નિવેદનના સ્થળ છિંદાવાડા ખાતે કેટલાક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. પઠાણ ફિલ્મ અંગે તેમણે કહ્યું કે, આ અંગે વિરોધ પ્રદર્શન કરવાની જરૂર છે. ભાજપની સરકારે વાંધાજનક દશ્યો કાઢી નાખવા જોઈએ. આમાં રાજનીતિ કરવાની જરૂર નથી. તેમણે સલમાન ખુરશીદ દ્વારા ભારત જોડો યાત્રાનો રામાયણ અને રાહુલ ગાંધીને ભગવાન રામ સાથે સરખાવવા બદલ ભારે ટીકા કરી હતી. તેમણે કહ્યું કે, ભગવાન રામ સાથેની સરખામણી યોગ્ય નથી, તેઓ આખા બ્રહ્માંડના ભગવાન છે. ભારતમાં કોઈ પણ જોડો યાત્રા કરવાની જરૂર નથી.


### ઉઝબેકિસ્તાનમાં ભારતીય કફ સિરપથી બાળકોનાં મોતનો દાવો

# મેરિયન બાયોટેકની તમામ દવાનું ઉત્પાદન બંધ કરાયું

### ઉઝબેકિસ્તાનના બાળકોનાં મોતના દાવા બાદ ભારત એલર્ટ

નવી દિલ્હી, તા.૨

ભારતીય કફ સિરપથી ઉઝબેકિસ્તાનમાં બાળકોના મોત થયા તેવો તે દાવો કરી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય આ સમગ્રઘટના ઉપર પોતાની નજર રાખી રહ્યા છે. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આજે ટ્વિટર દ્વારા આ ઘટના ઉપર પોતાનો પ્રતિભાવ આપ્યો હતો. તેમણે કહ્યું કે, ખાંસીની દવા ડોક-૧ મેકસમાં અયોગ્યતાના અહેવાલને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગની ટીમે ૨૯ ડિસેમ્બરની રાતથી મેરિયન બાયોટેકની તમામ દવાઓનું ઉત્પાદનબંધ કરાવી દીધુછે. આ મામલે વધુ તપાસ ચાલી રહી છે. સમગ્ર ઘટના કઈક આ રીતે છે કે ઉઝબેકિસ્તાનમાં કથિત રીતે કફની દવાના કારણે ૧૮ બાળકોના મોત થયા હતા. તે બાદ નોઈડાની કંપની મેરિયન બાયોટેક પર સવાલો ઉભા થઈ રહ્યા છે. ઉઝબેકિસ્તાનના આ દાવા બાદ ભારત સરકાર એલર્ટ થઈ ગઈ છે. કેન્દ્ર સરકારે ઉઝબેકિસ્તાનમાં બાળકોના




મોતનો મૃત્યુઆંક રિપોર્ટ માંગ્યો છે. ઉઝબેકિસ્તાનમાં ૧૮ બાળકોના કથિત મૃત્યુના દાવા અંગે કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ આ મામલે કોઈપણ પ્રકારની બેદરકારી રાખવા માંગતું નથી. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયા પોતે આ મામલે નજર રાખી રહ્યા છે. તેણે કહ્યું હતું કે, ફાર્માસ્યુટિકલ કંપનીની તપાસના આધારે આગળના પગલાં લેવામાં આવશે. ઉઝબેકિસ્તાનના સ્વાસ્થ્ય મંત્રાલયે આરોપ લગાવ્યો છે કે, ડોક-૧ મેકસ દવા પીવાથી બાળકોના મોત થયા છે. ઉત્તર પ્રદેશ સરકારના એક અધિકારીએ જણાવ્યું કે, મેરિયન બાયોટેક કંપની ભારતમાં ખાંસીની દવા ડોક-૧ મેકસ વેચતી નથી અને તે માત્ર ઉઝબેકિસ્તાનમાં જ નિકાસ કરવામાં આવી છે. માંડવિયાએ જણાવ્યું હતું કે, નોઈડામાં કંપનીના પરિસરમાંથી કફની દવાના નમૂના લેવામાં આવ્યા છે અને ચંદીગઢની પ્રાદેશિક દવા પરીક્ષણ પ્રયોગશાળામાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. આ ઉપરાંત કફની દવા ડોક-૧ મેકસમાં અયોગ્યતાના અહેવાલને ધ્યાનમાં રાખીને આરોગ્ય વિભાગની ટીમે ગઈ કાલ રાતથી મેરિયન બાયોટેકની તમામ દવાઓનું ઉત્પાદન બંધ કરી દીધું છે.

# મ્યાનમારના નાગરિક નેતા આંગ સાન સુ કીની જુન્ટા ટ્રાયલ સમાપ્ત, નોબેલ પુરસ્કાર વિજેતાને ૩૩ વર્ષની જેલની સજા

(એજન્સી) તા.૨

મ્યાનમારની જુન્ટા કોર્ટે તાજેતરમાં હકાલપટ્ટી કરાયેલા નાગરિક નેતા આંગ સાન સુ કીની તેની સુનાવણી પૂર્ણ કરી હતી. કાનૂની સ્ત્રોતે જણાવ્યું હતું કે આ નોબેલ પુરસ્કાર વિજેતાને કુલ ૩૩ વર્ષની જેલ થઈ છે. ૨૦૨૧ના બળવા પછી સૈન્યના કેદી, આ ૭૭ વર્ષીય સુ કી ભ્રષ્ટાચારથી લઈને ગેરકાયદેસર રીતે વોકી-ટોકી રાખવા અને કોવિડ પ્રતિબંધોનો ભંગ કરવા સુધીના દરેક આરોપમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. હાલમાં તેણીને હેલિકોપ્ટરની ભાડે લેવા, ખરીદી કરવા અને જાળવણી કરવા સંબંધિત ભ્રષ્ટાચારના પાંચ ગુનાઓમાં દોષી ઠેરવવામાં આવી હતી. સ્ત્રોતે જણાવ્યું હતું કે, તેમના તમામ કેસ સમાપ્ત થઈ ગયા છે અને હવે તેમની વિરૂદ્ધ કોઈ વધુ આરોપો નથી. આંગ સાન સુ કીને ૧૮ મહિનાની અજમાયશ પછી ૩૩ વર્ષની જેલની સજા આપવામાં આવી છે, પત્રકારોને કોર્ટની સુનાવણીમાં હાજર રહેવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને સુ કીના વકીલોને મીડિયા સાથે વાત કરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શહેરના એક સંવાદદાતાએ જણાવ્યું હતું કે, ચુકાદા પહેલા સૈન્ય દ્વારા નિર્મિત રાજધાની નાયપીડોમાં સુ કીને જેલ તરફ લઈ જતા રસ્તા ઉપર ટ્રાફિક દૂર કરવામાં આવ્યો હતો. સૂ કી તાજેતરના આ ચુકાદા સામે અપીલ કરશે. તેણીની ટ્રાયલ શરૂ થઈ ત્યારથી, તેણી જાહેરમાં માત્ર એક જ વાર દેખાઈ છે. મ્યાનમારના લોકશાહી સંઘર્ષમાં પીપલ્સ ડિફેન્સ ફોર્સીસની સમગ્ર દેશમાં સૈન્ય સાથે નિયમિતપણે અથડામણ થાય છે. ગયા અઠવાડિયે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે મ્યાનમારમાં બળવા પછીની પરિસ્થિતિ અંગેના તેના પ્રથમ ઠરાવમાં જન્ટાને સૂ કીને મુક્ત કરવા હાકલ કરી હતી. ઓસ્ટ્રેલિયાની કર્ટિન યુનિવર્સિટીના સહયોગી પ્રોફેસરે જણાવ્યું હતું કે તેની વિરોધ ભ્રષ્ટાચારના આરોપો હાસ્યાસ્પદ છે. આંગ સાન સુ કીના નેતૃત્વ, શાસન અથવા જીવનશૈલીમાં ભ્રષ્ટાચારનો કોઈ સંકેત નથી. ઈન્ટરનેશનલ ક્રાઈસિસ ગ્રૂપના રિચર્ડ હોર્સીએ જણાવ્યું હતું કે, હવે સવાલ એ છે કે આંગ સાન સૂ કીનું શું કરવું જોઈએ. શું તેણીને અમુક પ્રકારની નજરકેદ હેઠળ તેણીની સજા પૂરી કરવાની મંજૂરી આપવી, અથવા વિદેશી રાજદૂતોને તેણીની મર્યાદિત ઍક્સેસ આપવી જોઈએ. પરંતુ શાસન આવા નિર્ણયો લેવામાં ઉતાવળમાં હોવાની શક્યતા દેખાતી નથી. સૈન્યએ નવેમ્બર ૨૦૨૦ની ચૂંટણી દરમ્યાન વ્યાપક છેતરપિંડીનો આક્ષેપ કર્યો હતો, જેમાં સુ કીની નેશનલ લીગ ફોર ડેમોક્રેસી પાર્ટીએ જોરદાર જીત મેળવી હતી, જો કે આંતરરાષ્ટ્રીય નિરીક્ષકોએ જણાવ્યું હતું કે મતદાન મોટાભાગે મુક્ત અને ન્યાયી થયું હતું. જુન્ટાએ આ ચૂંટણીનું પરિણામ રદ કર્યું છે અને કહ્યું છે કે તેણે મતદારોની છેતરપિંડીના ૧૧ મિલિયનથી વધુ કિસ્સાઓ શોધી કાઢ્યા છે. સૈન્યએ સત્તા કબજે કરી ત્યારથી મ્યાનમારમાં અશાંતિ છે. જન્ટાએ સખત ક્રેકડાઉન સાથે પ્રતિક્રિયા આપી છે જેમાં ગામડાઓને નષ્ટ કરવા, લોકોની સામૂહિક હત્યાઓ અને નાગરિકો ઉપર હવાઈ હુમલાનો સમાવેશ થાય છે. યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ એજન્સીના જણાવ્યા અનુસાર બળવા પછી દસ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

# ગંગોત્રીમાં ભારે હિમવર્ષાથી જનજીવનને ગંભીર અસર થઈ

નવી દિલ્હી, તા.૨

ભારતનાં ઉત્તર વિસ્તારમાં ઠંડીનો પ્રકોપ વધ્યો. ગંગોત્રીમાં હિમવર્ષાનું આગમન થયું. આ હિમવર્ષાનાં કારણ જનજીવન અને ટ્રાફીક ધીમા પડ્યા. ઠંડી, વાદળછાયુ વાતાવરણ અને તેમાં પણ હિમવર્ષા. લોકો ઘરોમાં પૂરાઈ રહેવા મજબૂર બનવ્યા. કામ ધંધા અટકાવવા પડયા. ઘાટી વિસ્તાર બરફની ચાદરથી ઢંકાઈ ગયો. હવામાન વિભાગનાં જણાવ્યા અનુસાર પૂર્વ ઉત્તરનાં અમુક વિસ્તારમાં હજી બરફ પડશે અને ધુમ્મસવાળું વાતાવરણ રહેશે. જ્યારે પશ્ચિમ વિસ્તાર એટલે કે બંગાળ , અસમ, ત્રિપુરામાં હજી ઠંડી વધવાની શક્યતા છે. આવનારા અઠવાડિયામાં હજી કોલ્ડ વેવની અસર દેકાઈ રહી છે. પશ્ચિમમાં પણ વાતાવરણ વાદળછાયું રહે તેવી સંભાવના વિભાગ દ્વારા

# ''પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવ : ન ભુતો ન ભવિષ્યતી''










તા.૧૫/૧૨/૨૦૨૨ ના રોજ ભારતના લોક લાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ધ્વારા ખુલ્લા મુકવામાં આવેલ પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવની અમોએ તા.૨૮ અને ૨૯ ડીસેમ્બરના રોજ મુલાકાત લીધેલ અક્ષર પુરુષોત્તમ મંદિર જુનાગઢ ધ્વારા સુંદર વ્યવસ્થા કરી આપવામાં આવેલી હતી. અમો જયારે અમદાવાદ થી પરત આવ્યા ત્યારે અમારા મિત્રોએ અભિપ્રાય પુછયો ત્યારે દિલ્હી અક્ષરધામના ઈન્ટર નેશનલ ઓપનીંગ સબંધે ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠીત વિચારક, લેખક ગુણવંત શાહને કોઈએ પ્રશ્ન કરેલો હતો કે અક્ષરધામ દિલ્હી વિશે તમારો શું અભિપ્રાય છે ત્યારે તેમણે જવાબ આપેલો હતો કે હું જોઈને આવુ પછી કહી શકુ અને ત્યાર બાદ ગુણવંતભાઈએ દિલ્હી અક્ષર ધામ જોયા બાદ ફરી તેમના મિત્રોએ પુછેલ કે તમને કેવુ લાગેલ છે ત્યારે ગુણવંતભાઈએ જવાબ આપેલો હતો કે ગુજરાતી ભાષામાં વર્ણન કરી શકાય તેવુ છે જ નહી પ્રત્યેક્ષ મુલાકાત કરશો તો જ સમજી શકાશે. ગુણવંતભાઈ શાહનુ આ વિધાન પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવને પણ લાગુ પડે છે. મહોત્સવ પુરો થયા બાદ અમોને પ્રતિભાવ આપવા માટે જણાવેલ ત્યારે અમોએ આજ લખેલ હતુ કે ભગવત ગૌ મંડળના બધા જ શબ્દોનો ઉપયોગ કરીને વર્ણન કરીએ તો પણ વાસ્તવીકરીતે પ્રત્યક્ષ નિરીક્ષણ કરેલ હોય તેવુ તાદશનિરૂપણ થઈ શકે નહી. આ ઉપરાંત ''યુ ટયુબ''ના માધ્યમ થી આ મહોત્સવ સબંધે બધા જ વિડીયો મુકાઈ ગયેલા છે. ભારતના ઘણા રાજકારણીઓ સંતો, મહંતોના આબાબતે ઈન્ટવ્યુપણ આવી ગયેલા છે આ સંજોગો માં આ મહોત્સવ સબંધે વિશેષ શું લખવુ તે યક્ષ પ્રશ્ન છે આમ છતાં અમોએ જે બે દિવસમાં નિહાળ્યુ તે શબ્દોનો કાંઈ પણ ઉમેરો કર્યા સિવાય લખવાનો પ્રયાસ કરેલ છે.

સર્વ પ્રથમ તો જે લોકોએ આ મહોત્સવ જોયેલ નથી, તેમને ખાસ એ જણાવવાનુ કે આ મહોત્સવ જોવા માટે ઓછામાં ઓછી ૧૦ કલાક જોઈએ એટલે કે બે દિવસનો પુર્ણ સમયનુ પ્લાનીગ કરવુ જરૂરી છે સામાન્ય લોકો માટે બપોરના ૨ થી રાત્રીના ૯ વાગ્યા સુધીનો જ સમય છે પરંતુ જો તમો અધીકૃત પાસ ધરાવતા હશો તો સવારે ૮:૦૦ વાગ્યા થી તમોને પ્રવેશ મળી શકશે. તમારી પાસે કદાચ વી.આઈ.પી. પાસ હોય કે વી.વી.આઈ.પી. પાસ હોય તો તેનાથી હરખાઈ જવાનુ નથી કારણ કે આ મહોત્સવમાં આવનારા એટલા બધા વી.આઈ.પી.ઓ છે કે વી.આઈ.પી. તથા વી.વી.આઈ.પી. પાસ ધરાવનાર ને પણ દરેક પ્રોગ્રામ કે જે દ્રશ્ય અને શ્રાવ્ય પ્રકારના શો હોય છે તેમા ઓછામાં ઓછુ ૩૦:૦૦ મીનીટ થી ૧ કલાકનુ વેઈટીગ હોય છે. આ સિવાયના લોકો માટે તો ઘણી જગ્યાએ ૩ થી ૪ કલાકનુ વેઈટીગ અમો એ જોયેલુ હતુ. આથી આ મહોત્સવ જોવા આવનારે સમયનુ પુરેપુરી પ્લાનીગ કરીને આવવુ જોઈએ.

સમગ્ર મહોત્સવને બે રીતે મુલવી શકાય એક તો ભગવત સ્વરૂપ સંત પ.પુ. પ્રમુખ સ્વામીના કાળમાં જે જે બનાવો બનેલા હતા અને તેમણે જે જે ઉપદેશો આપેલા હતા તેનુ નાટય સ્વરૂપે અને દ્રશ્ય અને શ્રાવ્ય સ્વરૂપે ચિત્રાંકન અને ઓડીયો વિઝયુલ મા ધ્યમ ધ્વારા કરવામાં આવેલ છે તે તથા બીજુ પાસુ કે જે દુનીયાભરના મનેજમેન્ટ એકસપર્ટ ને પણ ચકિત કરી દે છે તે એ છે કે આટલુ મોટુ ઈવન્ટ મેનેજમેન્ટ કે જયાં રોજના ૨ થી ૨.૫ લાખ માણસો મુલાકાતે આવે છે તે બી.એ.પી.એસ.ના સંનિષ્ઠ કાર્યકરો ધ્વારા સંચાલન કરવામાં આવેલ છે તે છે

સર્વ પ્રથમ આપણે આ સદીનો મોટા માં મોટો મેગા ઈવેન્ટ કહી શકાય તેવા શતાબ્દી સમારોહના ઈવેન્ટ મેનેજમેન્ટ સબંધે વિચારીએ સમારોહના ત્રણ થી ચાર કિ.મી. દુર થી સ્વયં સેવકો નિયત યુનીફોર્મ માં રસ્તા ઉપર ઉભા હોય છે અને દરેકને કયા ગેઈટ માંથી જવુ અને વાહન કયાં પાર્ક કરવુ તેનુ માર્ગદર્શન આપે છે જેમની પાસે મંદિર ધ્વારા પાસ આપવામાં આવેલ છે તેઓને ચોકકસ ગેઈટ માંથી આવવાનુ કહેવામાં આવે છે અને તેનો પાર્કિગ પાસ પણ સ્કેન કરીને મોબાઈલમાં મોકલી આપવામાં આવે છે. અને રજિસ્ટ્રેશન થયા બાદ જેમની પાસે પાસ છે તેમને બારકોડ ધરાવતો હાથ માં પહેરવાનો જુદા જુદા કલરનો પટ્ટો આપવામાં આવે છે જેનો કલર રોજે રોજ બદલે છે. આ બારકોડ પહેરેલ વ્યકિત કોઈ ને કોઈ રીતે મંદિર સાથે સંકળાયેલ હોય છે અને આથી જયાં જયાં જરૂર પડે ત્યાં આ બારકોડ સ્વયં સેવકો ધ્વારા સ્કેન કરીને પ્રવેશ આપવામાં આવે છે. આથી આવા બારકોડ ધરાવતા મુલાકાતીઓ ને દરેક ઓડીયો વિઝયુઅલ શો જોવામાં પ્રાયોરેટી મળે છે. જયારે શો ચાલુ હોય ત્યારે બહાર ઉભેલ મુલાકાતીઓને તકલીફ ન પડે તે માટે દરેક શો ના થિયેટરના આગળના ભાગે વેઈટીગ ગાળો રાખવામાં આવે છે. જયાં ખુરશીઓ ઉપર તમો નિરાંતે બેસી શકો છો ઠંડા પાણીની બોટલો સ્વયંસેવકો અવીરત પણે વિતરણ કરતા હોય છે અને વેઈટીગ માં એટલા લોકો ને જ પ્રવેશ આપવામાં આવે છે કે જે થીયેટરની ક્ષમતા મુજબના હોય બારકોડ ધરાવનાર મુલાકાતીઓને અગ્રતા મુજબ બેસાડી દિધા બાદ જનરલ પબ્લીક માંથી આવેલા ની જે અલગ લાઈન હોય છે તેમને પ્રવેશ આપવામાં આવે છે. સવારે ૮:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી મંદિર ધ્વારા વિશીષ્ટ પાસ અપાયેલો હોય તેઓ ને જ પ્રવેશ હોય છે અને ૨:૦૦ વાગ્યા થી રાત્રીના ૯:૦૦ સુધી બધા જ લોકો આવી શકે તેવી વ્યવસ્થા છે મંદિર ધ્વારા જેને વિશીષ્ટ પાસ આપવામાં આવેલા હોય તેમને રજિસ્ટ્રેશન બાદ સ્વયં સેવક એલોટ કરવામાં આવે છે. અમો તથા અમારા પત્ની તથા મુબઈ થી આ મહોત્સવ માટે ખાસ આવેલા અમારા બહેન અને જીજાજી આ ચારની વચ્ચે એક મહીલા સ્વયં સેવક પ્રથમ દિવસે એલોટ કરેલા હતા. જે સમગ્ર મહોત્સવમાં એક પછી એક પ્રોગ્રામમાં લઈ જતા હતા એટલુ જ નહી પરંતુ પ્રોગ્રામની રજે રજ ની માહીતી પણ આપતા હતા સંપુર્ણ પણે વિનમ્ર અને સંસ્થાને સમર્પિત આ મહીલા કાર્યકર સમગ્ર મહોત્સવની જીણામાં જીણી માહીતી મુલાકાતીઓને આપતા હતા. અને આ સ્વયં સેવક ફકત સેવા કરાવની ભાવના થી જ આવતા હોય છે અમારી સાથે પ્રથમ દિવસે જ જે મહીલા સ્વયં સેવક હતા તે એક પ્રેકટીશ્નર ડોકટર હતા જે પોતાની પ્રેકટીસ છોડીને એક મહીના થી સેવામાં હતા. બીજે દિવસે પણ અન્ય મહીલા સ્વયં સેવક આપવામાં આવેલા હતા જે સુરત થી આવેલા હતા. આ સ્વયં સેવકોની શિષ્ટતા એવી હતી કે તમો આ મહોત્સવમાં જુદી જુદી જગ્યાએ રાખેલ પ્રમાવતીના સ્ટોલ માંથી આઈસ્ક્રીમ કે વેફર જેવી કોઈ ચીજ વસ્તુઓ લો અને આ મહીલા સ્વયંસેવકને પણ ઓફર કરો તો વિનમ્રતા પુર્વક ના પાડી દેશે અને કહેશે કે અમારે ફકત તમારી સેવા કરવાની હોય છે. અમો તમારૂ કાંઈ લઈ શકીએ નહી. અને તેમાના અમુક તો હાઈલી કવોલીફાઈડ પ્રોફેસનલ હતા અને આ સમગ્ર બે દિવસ દરમ્યાન આ મહીલા સ્વયં સેવકોએ અમારી એટલી કાળજી લીધેલી હતી કે સગા દિકરા દિકરીઓ પણ માતા પિતાની આવી કાળજી લે કે કેમ ? તેના કરતા પણ વિશેષ કાળજી રાખેલ તેમની વાતચીતમાંથી ફલીત થાય કે આ લોકો સંપુર્ણ પણે સંસ્થાને સમર્પિત હતા.

દરેક વિભાગમાં જે જે સ્વયં સેવકો હતા તે આટલા જ ભાવીક અને હંમેશા મદદરૂપ થવાની તૈયારી વાળા હતા. રોજના બે લાખ મુલાકાતીઓ આવતા હોય તેથી મહોત્સવ માં ગડદી ચોકકસ દેખાય પરંતુ કયાંય અવ્યવસ્થા ન હતી આટલા મોટા મહોત્સવનુ પાર્કિગ પણ એકદમ વ્યવસ્થીત હતુ તેથી ગાડી મુક્વામાં કે કાઢવામાં કયાંય તકલીફ ન પડે તે પ્રકારનુ સુંદર આયોજન કરેલુ હતુ. અમો બે દિવસ આ સમારોહની મુલાકાત લીધેલી ત્યારે અગાઉના દિવસો માં ૪૦ જેટલા મેનેજમેન્ટ એકસપર્ટ આ સમારોહમાં એટલા માટે આવ્યા હતા કે રોજના બે લાખ માણસો આવતા હોય અને એક માસ સુધી મહોત્સવ ચાલવાનો હોય તેનુ ઈવેન્ટ મેનેજમેન્ટ કઈ રીતે થયુ છે તેનો અભ્યાસ કરવા માટે આવેલા હતા. અમોને એ પણ કહેવામાં આવેલ કે આ સમારોહતો અભ્યાસ કરવા ઈન્ડીયન ઈસ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટના સ્નાતકો પણ આવેલા હતા. અમારી દ્રષ્ટીએ અમારી સાંભરણમાં છે તેવા ભારતમાં કે વિશ્વમાં આટલા મોટા સમારોહ થયેલા હોય અને જેમા એક પણ પ્રકારની અગવડ વગર રોજે રોજ સવાર ૮:૦૦ થી રાત્રીના ૯:૦૦ સુધીનુ સંચાલન ચાલતુ હોય તેવુ મેગા ઈવેન્ટ આ એક જ હશે અને અમોને જાણ નથી પરંતુ એમ લાગે છે કે આટલુ વ્યવસ્થીત મેનેજમેન્ટ કરવા માટે કદાચ ગીનીશ બુક ઓફ વલ્ડ રેકર્ડ ની સંસ્થાને વધુ એક એવોર્ડ આપવો પડશે.

આ મહોત્સવની બીજી વિશિષ્ટતા એ છે કે તેનુ પરફેકશન છે. મને યાદ છે કે પ.પુ. પમુખસ્વામીનો હંમેશા આગ્રહ દરેક વસ્તુના પરફેકસન માટે હોય અને આ માટે મહોત્સવ વિશેના આ લખાણ ને થોડીવાર અટકાવીને પુજય પ્રમુખ સ્વામીના પરફેકશન બાબતે મે અનુભવેલ એક નાનુ દ્રષ્ટાંત આપી દઉ :–

જૂનાગઢ મંદિરની જમીનનો કેસ જીત્યા બાદ લાંબા સમય થી બાંધકામ શરૂ થયેલ ન હોય સંતોનો આગ્રહ એવો હતો કે આપણે સારંગપુર જઈએ અને ત્યાં પુજય બાપાને આ માટે આગ્રહ કરીએ કે હવે કેસ જીતી ગયા છીએ માટે મંદિરના નિર્માણ નુ કામ આગળ વધારીએ અને અમો આ કેસમાં વકિલ હોય અને હવે કોઈ કાનુની ગુંચ નથી તે બાપાને કહેવા માટે અમોને પણ સાથેલીધેલા હતા. જુનાગઢના કોઠારી સ્વામી સંતો તથા અગ્રણી હરીભકતો અને અમોએ પુજય બાપાના પ્રાર્થના કરીકે મંદિરનું કામકાજ તુરત જ ચાલુ થાય તેવી હરી ભકતોની માંગણી છે ત્યારે પુજય બાપાનાએ જણાવેલ કે પહેલા રેવન્યુ રેકર્ડમાં આપણા નામની એન્ટ્રી થવા દો અને બાંધકામની મંજુરી મળી જાય પછી જ કામ શરૂ કરીશુ. એટલે સંપુર્ણ પણે ટાઈટલ કલીયર થાય પછી જ કામકાજ શરૂ કરવાનુ છે. પુજય બાપાનો આદેશ આવે એટલે અમારે કોઈને બોલવાનુ રહેતુ હતુ જ નહી પંરતુ પુજય બાપા આ બધી જ બાબતોમાં કેટલા પરફેકસન આગ્રહી હતા તે બાબતેનુ દ્રષ્ટાંત છે. મહોત્સવના પાંચ થી સાત અગત્યના પ્રોગ્રામ જે જોવા લાયક છે. તેમા દરેક જગ્યાએ ભાગ લેનાર પાત્રોનુ સંપુર્ણ પણ પરફેકસન દેખાય છે. કોઈ નાટક માં કે નૃત્ય નાટીકામાં એકી સાથે ૨૦ થી ૩૦ બાળકો ભાગ લેતા હોય તો પણ તેમને કોમ્બીનેશન એટલુ પરફેકટ હોય કે ઓલંમ્પીકાના રમતોત્સનો ઉદધાટન પણ આની સામે ઝાંખો પડી જાય. નાના બાળકો કે જે મોટા ભાગે ગુરૂકુલના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ હતા કે જેમને સ્ટેજ નો કે નૃત્ય નો કે અભિનય નો કકકો પણ પહેલા ખબર ન હતી તેઓ બે થી ૩ મહીનાની પ્રેકટસમાં સંપુર્ણર્ પણે પરફેકટ બની ગયા મહોત્સવમાં દરેક પ્રસંગોમાં જે જે પ્રસંગો ઉભા કરેલા હતા તે બતાવવામાં આવતા હતા. તે તમામે તમામ એટલા બધા પરફેકટ હતા કે તેમા એક પણ ક્ષતી તમે શોધી શકો નહી. આ માટે બાળ નગરીમાં જે બે વિશીષ્ટ ઉપક્રમો હતા તેમા એક શેરૂ કરીને પ્રોગ્રામ હતો અમો મહોત્સવ જોઈને આવ્યા બાદ જુનાગઢ મંદિરના કોઠારીશ્રીએ અમોને એક બહુ જ અદભુત વાત કહેલી હતી જે વાંચક મિત્ર સાથે શેર કરવાનુ મન થાય છે આ શેરૂ ની કહાની ખુબ જ જાણીતી છે.

તમારી અંદર રહેલા આત્મ વિશ્વાસ જગાડી કામ કરો તો કોઈ પણ કામ અશકય નથી. અને તમારી જાતને કયારેય નિમ્ન કક્ષાની બતાવવાની નથી તે થીંમનો ઉદેશ હતો અને તે માટે મુંબઈ થી ફિલ્મી જગત સાથે સંકળાયેલ કોરીયો ગ્રાફરને બોલાવવામાં આવેલ હતા અને તેની સમક્ષ ગુરૂકુલના બાળકોને આ પ્રોગ્રામ માટે તૈયાર કરવા સંસ્થાના સંચાલકોએ જણાવેલ હતુ ત્યારે મુંબઈ થી આવેલ કોરીયો ગ્રાફરે'' સ્પષ્ટ જણાવી દિધેલ કે આ બાળકો માંથી કોઈ પણ બાળક શેરૂ પ્રોગ્રામમાં ચાલી શકે તેમ નથી. આથી સંસ્થાના સંચાલકો નિરાશ થઈ ગયેલા હતા ત્યારે પુજય બ્રમ્હવિહારીસ્વામીએ આ મુંબઈથી આવેલ કોરીયોગ્રાફર ને કહેલ કે તમો આ વિદ્યાર્થીઓને ટ્રેનીગ આપવાનુ શરૂ કરો અને પુજય પ્રમુખ સ્વામીની પ્રેરણા થી આ બાળકો તૈયાર થઈ જશે અને મુંબઈથી આવેલા આ કોરીયો ગ્રાફરે તેથી આ કામ સ્વીકાર્યુ અને ગુરૂકુલના બાળકોને બાળ નગરી માં જે શેરૂ ની કથા પ્રત્યક્ષ પડદા ઉપર અભીનય ધ્વારા બતાવી ત્યારે પાત્રીસ હજાર જેટલા ઓડીયન્સમાં રહેલા પ્રેક્ષકોના મોઢામાંથી વાહ વાહ શબ્દો અનાયશે નીકળી ગયો એટલે અમોને પણ એમ લાગેલુ કે રોજના બે લાખ માણસો આવતા હોય તેમના પાર્કિગમાં, દરેક પ્રોગ્રામ જોવામાં કે પ્રેમાવતી ના પ્રસાદમ સ્ટોલમાં કે ઉભા કરેલા શૌચાલયો માં કે ખાસ વિશીષ્ટ વ્યકિતઓ માટે ના રસોડા માં કે સામાન્ય લોકો ના રસોડામાં કયાંય કરતા કયાંય અવ્યવસ્થા જોવા મળેલ નહી અને સમગ્ર કાર્યકર્તાઓની નિષ્ઠા અને સંસ્થા પ્રત્યેની વફાદારી ની સાથો સાથ અને કદાચ સૌથી અગત્યનુ એ હતુ કે પુજય બાપાના અદ્રશ્ય આર્શીવાદ આ સમારોહ માં સતત ને સતત આવતા હતા તેનો આ પ્રત્યેક્ષ પુરાવો છે. અમોએ પણ એક આવો જ અનુભવ કરેલ તે પણ વાચક મિત્રો સાથે શેર કરવાનુ પસંદ કરીશ. મારી પત્ની જયશ્રીને પગનો દુખાવો સતત રહેતો હતો અને ની–રીપ્લેસમેન્ટનુ ઓપરેશન કરાવવુ કે કેમ ? તે બાબતે અમદાવાદ જતા પહેલા બે દિવસ પહેલા જુનાગઢ સેવા ભાવી સંત સમાન તબીબ ડો. કલ્પેશ આરદેશણાને બતાવેલ ત્યારે મારા પત્નીએ જણાવેલ કે ૫૦૦ મીટર થી વધુ હુ એકી સાથે ચાલી શકતી નથી. ત્યારે આરદેશણા સાહેબે અમુક દવાઓ લખી દિધેલ અને સારવાર અને ઓપરેશન અંગે પ્રાથમીક માહીતી આપેલ. આના બે દિવસ પછી જ આ મહોત્સવ માટે અમારે અમદાવાદ જવાનુ થયુ અને પ્રથમ દિવસે જ અમારી સાથેના મહીલા સ્વયં સેવકો જુદા જુદા પ્રોગ્રામમાં અમોને લઈ ગયેલ. રાત્રીના બહાર નીકળતી વેળાએ મારા બહેને તેના મોબાઈલમાં જોઈને કહેલ કે આપણે આજે ૭ કી.મી. ચાલ્યા છીએ. ત્યારે જયશ્રીએ જણાવેલ કે મને ખબર પડતી નથી કે ૫૦૦ મીટર પણ હું ચાલી શકુ નહી ત્યાં ૭ કી.મી. કઈ રીતે ચાલેલ હઈશ. લાઈટ એન્ડ સાઉન્ડ શો માં તેમને પગમાં અતીશેય દુખાવો થયેલો ત્યારે મે મનોમન બાપાનુ પ્રાર્થના કરી કે હજુ કાલે પણ જોવા આવવાનુ છે અને બીજા દિવસે તો સવારે ૮:૦૦ થી સાંજના ૬:૦૦ સુધી આ મહોત્સવ નિહાળ્યો અને ઘણી જગ્યાએ તો એકાદ કલાક વેઈટીગમાં પણ બેઠેલા અને લાઈટ એન્ડ સાઉન્ડ શો માં તો એક કલાક ઉભુ પણ રહેવુ પડે અને સાંજે અમો જયારે જુનાગઢ આવતા હતા ત્યારે જયશ્રી એ મને કહેલ કે હુ આટલુ ચાલી શકુ તે શકય જ નથી તેને બદલે હુ આ મહોત્સવમાં ૭ થી ૮ કી.મી. દરરોજ ચાલી કલાકો સુધી ઉભી રહી. અને બીજુ કાંઈ નહી પરંતુ પુજય બાપાના આર્શીવાદ જ હશે તો જ આ શકય છે. પુજય કોઠારી સ્વામીએ શેરૂ નો દાખલો જે આપ્યો ત્યાર બાદ મને પણ એમ થયુ કે આવી અદ્રશ્ય પ્રેરણા અને આર્શીવાદ આ સમારોહમાં આવેલી દરેક વ્યિકતને થતો જ હશે તો જ રોજના બે લાખ મુલાકાતીઓને પુર્ણ સંતોષ્ આપી શકાય તે રીતે મહોત્સવનુ આયોજન શકય બને.

આપણે આ મહોત્સવમાં પરફેકસનની વાત કરતા હતા. તેનો આજ વિશિષ્ટ દાખલો આપવાનુ મન થાય છે આ મહોત્સવમાં એન્ટ્રી કરવા માટે જુદા જુદા ૭ જેટલા ગેઈટ થી અને દરેક ને જુદા જુદા ગેઈટ થી અંદર આવવા માટે જણાવવામાં આવે છે આથી મહોત્સવ માંથી બહાર નીકળતી વખતે તમારો જે ગેઈટ હોય ત્યાં કેમ પહોચવુ તે મને મુશ્કેલ લાગતુ હતુ કારણ કે દુર થી ગેઈટના નંબર પણ વાંચી શકાય નહ. અને એક ગેઈટ થી બીજા ગેઈટનુ અંતર ખુબ જ મોટુ હતુ ત્યારે અમારી સાથે સ્વયં સેવીકાને પુછેલ કે અમો બે નબરના ગેઈટ માંથી આવેલા છીએ અને ત્યાં જ અમારી ગાડીનુ પાર્કિગ છે તો અમારે મહોત્સવ માંથી બહાર નીકળવા માટે બે નંબરનો ગેઈટ કયો છે તે નકિક કઈ રીતે કરવુ ત્યારે અમારી સાથે મહીલા સ્વયં સેવકે જણાવ્યુ કે આકાશ તરફ જુઓ ગેઈટ નંબર લખેલ વિશાળ કદનો નાઈટ્રોજન ગેઈસ ભરેલો ફુગ્ગો સતતને સતત ગેઈટની ઉપર રહે છે જે દુર દુર થી જોઈ શકાય છે અને તેના ઉપર ગેઈટ નંબર લખેલા છે. આથી મુલાકાતીઓને જરા પણ તકલીફ ન પડે તે માટે કેટલુ સુંદર આયોજન કરેલ છે તે તેનો સુંદર નમુનો છે આવા તો સંખ્યા બંધ નમુના આપી શકાય.

આ મહોત્સવની બીજી અગત્યની બાબત જે ધ્યાને લેવા જેવી છે તે તેની સ્વચ્છતા છે. ભારતના વડા પ્રધાન ધ્વારા આ મહોત્સવનુ વીધીવત ઉદધાટન કરેલુ ત્યાર બાદ ફકત શૌચાલય જોવા માટે વડાપ્રધાન ગયા ત્યારે બધાને નવાઈ લાગેલ પરંતુ કોઈપણ સંસ્થાની સ્વચ્છતાનુ માપદંડ તેમનો વોશરૂમ છે. અને તે સ્વચ્છ હોય તો સમગ્ર કેમ્પસ સ્વચ્છ જ હોય તેવુ અનુમાન કરીશ કાય. અને તેથી વડા પ્રધાન શ્રી એ બધાને આશ્ચર્યમાં મુકીને વોશ રૂમનુ નીરીક્ષણ કરેલ. આવા વોશરૂમ ઠેરઠેર મહોત્સવમાં ઉભા કરવામાં આવેલા હતા અનેતે પણ સંપુર્ણ સ્વચ્છ અને સુઘડ હતા પ્રેમવતીમાંથી માણસો વ્યાજબી ભાવે વસ્તુઓ ખરીદતા હતા પાણની બોટલો સ્વયં સેવકો આપતા હતા તથા થાકીને ઘણી જગ્યાએ બેસીને લોકો નાસ્તો પણ કરતા હતા પરંતુ કયાંય ખુલ્લા મેદાનમાં વેફરના પડીકા કે પાણીની ખાલી બોટલો જોવા મળતી ન હતી અને કયારેયક પણ આવો કચરો દેખાય કે તુરત જ સ્વયં સેવકો ઉપાડીને ડસ્ટબીનમાં નાખી દેતા હતા. અને આ સ્વયંસેવકો કેવા હતા ? કોઈ એમ.બી.એ સ્નાતક હતા, તો કોઈ કંપનીના એકઝીકયુટીવ ડાયરેકટર હતા કોઈ એમ.ડી. ફિઝીશયન હતા કોઈ ડેંન્ટીસ્ટ હતા. કેટલા વિદેશ થી આવેલા હતા. પરંતુ કોઈ સ્વયંસેવકો પોતાની ઓળખ છતી કર્યા સિવાય નિષ્ઠા થી કામ કરતા હતા તે જોવુ પણ એક લ્હાવો છે. અમારી સાથેની મહીલા સ્વયં સેવીકાને અમોએ તેમના સાથી સ્વયં સેવીકાઓનું કવોલીફીકેસન પુછતા આપણા મોઢા માંથી અધધ નીકળી જાય તે તેવુ જણાવ્યુ.

અમેરીકા, યુરોપ, ના દેશોમાં નોકરી કરતા હોય કે મુંબઈના પોશ એરીયામાં રહેતા હોય કે તેમના પતિ કે પિતાને બે થી વધુ લકઝરીયસ ગાડી હોય આલીશાન બંગલા હોય તેઓ બધા સેવામાં હતા. આમાના ઘણા ના નામ સાથે તેમની કેરીયર શેમા હતી તે બધી જ નોંધ કરી. પરંતુ આ બધા સ્વયં સેવકોએ જણાવેલ કે અમો ફકત એક સસ્થાને સમર્પિત હરીભકત તરીકેઅ ાવેલા છીએ અને તેથી વિશેષ કાંઈ નથી આથી તેમની આવી લાગણીને માન આપી ઘણાને આવો ઉલ્લેખ કરવાની ઈચ્છા હોવા છતાં તે કરેલ નથી

આ મહોત્સવમાં એન્ટ્રી લઈએકે તુરત જ પુજય પ્રમુખ સ્વામીની વિશાળ પ્રતિમા જાણે શુધ્ધ કાંસાની બનાવેલી હોય તે પ્રકારની અને લગભગ ૫૦ થી વધુ ફુટ લાંબો હાર પહેરેલ પ્રતિમા જોવા મળે છે ખુબ જ દુર થી આ પ્રતિમા જોઈ શકાય છે દરેક મુલાકાતીઓ આ પ્રતિમાનો ફોટો અથવા પ્રતિમા સાથે સેલ્ફી અચુક લે છે અને કદાચ કરોડોની સંખ્યામાં આ પ્રતિમાનો ફોટોગ્રાફ અત્યાર સુધી લેવાયેલા હતા તેજ રીતે બીજી અગત્યની જોવા લાયક બાબત મહોત્સવમાં જુદી જુદી જગ્યાએ ગાર્ડન ઉભા કરવામાં આવેલા છે એક ગાર્ડનમાં નાનુ તળાવ પણ આવેલા છે અમુક ફુલ વિદેશ થી મંગાવવામાં આવેલ છે. અને આ બગીચામાં સસ્થાના મહીલા કાર્યકરે હાથ થી બનાવેલ નાના– નાના છોડવા કૃત્રીમ રીતે બનાવેલા છે તે બગીચામાં ઉભા હોય ત્યારે કુદતરતી હોય તેવુ જ લાગે છે રાત્રીના ૭ વાગ્યા બાદ સમગ્ર મહોત્સવમાં જે લાઈટીગ થાય છે તે અદભુત છે અને કયારેય આ ગાર્ડનની અને જુદી જુદી જગ્યાએ મુકેલ પ્રતિમાનો નિખાર કાંઈક અલગ જ દેખાય છે. આ બગીચા માટે મહોત્સ શરૂ થયા ના ૬ માસ પહેલા બધી જ તૈયારીઓ શરૂ કરાયેલ હતી. અમુક કાર્યકર ત્રણ મહીના કે તેથી વધુ સમય થી આ મહોત્સવની તૈયારીમાં અન ત્યાર બાદ સેવામાં લાગેલા છે. જુનાગઢના અનેક હરીભકતો સેવા વિભાગમાં હતા જેમા કૌશીકભાઈ વ્યાસ, વિવેકભાઈ દવે, જગમાલભાઈ પીઠીયા વિગેરે અમોને મહોત્સવ દરમ્યાન મળેલા હતા. અને બધાની સાથે નિષ્ઠા પુર્વક પી.આર.વર્ક કરતા હતા.

પુજય પ્રમુખ સ્વામીના જીવન અને કાર્યો ને વણીલેતા ઘણા જ પ્રસંગો બતાવવામાં આવતા હતા. પ્રાર્થના અને પુરુષાર્થ મહીલા ઉત્કર્ષ અનેસ્ત્રી શસકિતકરણ મેરા ભારત મહાન ભારત, પર્યાવરણ રક્ષા, જલ સંરક્ષણ, બાલનગનરી વિગેરે ખુબ જ સારા નૃત્ય નાટીકાઓ ફિલ્મ સ્વરૂપે બતાવવામાં આવેલા હતા પુજય બાપાનો ઘર સભાનો જે વિષય હતો તે માટે તુટે હદય તુટે ઘર, જોવા લાયક જે નગરી કહેવાય બાળકોની પરંતુ જોવા લાયક અને પ્રરણાદાયક પ્રસંગો આપણને બધાને લાગુ પડે તેવા છે. વ્યસન મુકતી એ બી.એ.પી.એસ.નો મુખ્ય ધ્યેય છે. પુજય બાપાનો આ માટેનો અથાગ પરીક્ષમ હતો અતે તે માટે વ્યસન મુકતી માટેનો એક અલગ જ પ્રોગ્રામ હતો જે પુર્ણ પણે જોયા બાદ ભલભલાએ મનોમન વ્યસન છોડવાની પતિક્ષા લઈ લીધેલ હશે અને તેમા પુજય બાપાના આર્શીવાદ પણ હશે. સહજાનંદ નગર માં પ્રોગ્રામમાં નીલકંઠ વર્ણિના જન્મ થી અનેક કષ્ઠો સહન કીને રામાનંદ સ્વામી પાસે દિક્ષા લીધી અને ત્યાર બાદ જે સંતોની પરંપરા શરૂ થઈ તે બધા જ દ્રશ્ય અને શ્રાવ્ય સ્વરૂપે બતાવવામાં આવે છે લગભગ રોજ સાંજે પુજય બાપાના અનુગામી પુજય શ્રી મહંત સ્વામી પણ દર્શન સુખનો લાભ આપે છે.

સ્વામીનારાયણ સંપ્રદાય એ સનાતન ધર્મનો જ એક ભાગ છે જેથી ભારતના પ્રખ્યાત બધા જ સંતોના સ્ટેચ્યુ આ મહત્સવમાં મુકવામાં આવેલ છે મહોત્સવના દરેક પ્રવેશ ધ્વારા એક જોવા લાયક નઝરાણુ છે. ૮૦૦ એકર માં ફેલાયેલ આ મહોત્સવ અને ૮૦,૦૦૦/– સંપુર્ણ સમર્પિત સ્વયં સેવકો થી સંચાલીત શ્રી પ્રમુખ સ્વામી જન્મ સતાબ્દી મહોત્સવ એ આ સતાબ્દીનો સંપુર્ણ ઉતમ મહોત્સવ બની રહેશે તેમા કોઈ ને શંકા હોઈ શકે નહી.


આ બે દિવસ સમારોહની મુલાકાત સાથી આકર્ષક જો હોય તો લાઈટ એન્ડ સાઉન્ડ શો છે. જે દરરોજ સાડા છ વાગ્યા થી શરૂ થાય છે અને આશરે એકાદ કલાક રાત્રીના ૯:૦૦ સુધી ચાલે છે. આ લાઈટ એન્ડ સાઉન્ડ શો એટલો અદભુત છે કે તેને શબ્દો થી વર્ણવતી કરવાને બદલે તે જોવો જરૂરી છે

હજુ ૧૫–જાન્યુઆરી સુધી આ મહોત્સવ ચાલવાનો છે આથી હજુ સુધી જેમણે આ મહોત્સવનો લાભ લીધો ન હોય તે આ સમય દરમ્યાન વ્યવસ્થા કરી લે. કદાચ હવે પછીની આપણી જીંદગીમાં આવો મહોત્સવ જોવા ન પણ મળે તેથી બધા જ આગ્રહ ભરી વિનંતી છે કે આ મહોત્સવ ૧૫–મી જાન્યુઆરી સુધીમાં અચુક જોઈ આવો વિશેષ માહીતી માટે અક્ષરવાડી મંદિરના સંતો તેમના સમર્પિત કાર્યકરોનો સંપર્ક કરવો જે વિશેષ માર્ગદર્શન આપી શકશે. યુટયુબ ઉપર સંપુર્ણપણે માહીતી આપવામાં આવી છે. આથી પુરતી માહીતી લઈ પ્લાનીગ કરવા થી સારીરીતે આ મહોત્સવ જોઈ તથા માણી શકાશે. આ મહોત્સવ નુ આયોજન કઈ રીતે શકય બન્યુ છે. તેનો જવાબ આપવો હોય તો એટલુ જ કહી શકાય કે સંસ્થાના સમર્પિત કાર્યકરો ધ્વારા યોજાયેલ આ આયોજનમાં પુજય બાપાના અદ્રશ્ય આર્શીવાદ હશે તો જ ''ન ભુતો ન ભવિષ્યતી '' જેવો આ સમારોહ શકય બનેલ છે. આ મહોત્સવ વિશે ભારતના વડા પ્રધાન મોદી અને યોગગુરૂ રામદેવ જીએ જે કહેલ છે યુ. ટયુબ ઉપર ઉપલબ્ધ છે તે જોઈ લઈએ તો આ કાર્યક્રમની અને સમારોહને વિશેષ સારીરીતે સમજી શકીશું.

**કિરીટ.બી.સંઘવી**
**''સંયોજક–વનમેન આર્મી''**
**એડવોકેટ –જુનાગઢ.**

# જૂનાગઢ સહિત સોરઠમાં કાતીલ ઠંડી વચ્ચે જનજીવન પ્રભાવિત

## ગઈકાલે રવિવારનાં દિવસે સુસવાટા મારતો પવન ફુંકાયો, આજે પણ ઠંડીનો દોર યથાવત





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

ડિસેમ્બર માસ પુર્ણ થયા બાદ નવા વર્ષનાં પ્રથમ દિવસો જ જૂનાગઢ સહિત સોરઠ પંથક તેમજ રાજયભરમાં કાતીલ ઠંડીનો દોર શરૂ થયો છે અને જનજીવન પ્રભાવિત બન્યુંછે. બેઠા ઠાર વચ્ચે જનજીવન ઠુંઠવાય રહ્યું છે. લોકોને ફરજીયાત ગરમ વસ્ત્રો ધારણ કરવા પડે તેવી સ્થિતિ છે. જોકે, પોષ માસની કડકડતી ઠંડીનો પ્રારંભ થઈ ચુકયો છે અને ગઈકાલે રવિવારનાં દિવસે ઠંડીની તીવ્રતામાં વધારો થયો હતો. ટાઢું બોળ વાતાવરણ છેલ્લા બે દિવસથી રહ્યુંછે. આજે પણ વહેલી સવારથી જ અતિશય ઠંડુ અને બેઠા ઠારનું વાતાવરણ રહ્યું છે.

આજે જૂનાગઢ શહેરનું તાપમાન જોઈએ તો મહત્તમ તાપમાન ૧૩.૦૬, લઘુત્તમ તાપમાન ૧૨.૦ અને ભેજ ૮૨ ટકા જયારે પવનની ગતી ૪.૩ રહી છે. જૂનાગઢ નજીક આવેલા ગિરનાર ક્ષેત્રમાં ગરવા ગિરનાર ખાતે ૭ ડિગ્રી તાપમાન રહ્યુંછે.

# જૂનાગઢ ઉપલા દાતાર ખાતે દર્શનાર્થીઓની ભીડ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨

કોમી એકતાનાં પ્રતિક એવા ઉપલા દાતારની જગ્યા ખાતે ગઈકાલે રવિવાર હોય તેમજ ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધાને કારણે ગિરનાર પર્વત ઉપર યાત્રિકો માટે બપોર સુધી ચડવા ઉપર પ્રતિબંધ હોવાનાં લીધે ઉપલા દાતાર ખાતે ભાવિકો ઉમટી પડયા હતાં. અને દર્શન માટે ભાઈઓ બહેનોની કતારબંધ લાઈનો લાગી હતી. આવનાર પ્રત્યેક દાતાર ભકતો માટે જગ્યાનાં મહંત પૂ. ભીમબાપુ દ્વારા ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવેલ. અત્રે ઉલ્લેખનીય છે કે આટલી બધી ઉંચાઈએ આવેલ આ દાતાર બાપુની જગ્યા ખાતે પૂ. ભીમબાપુ દ્વારા દર્શનાર્થીઓ માટે ૨૪ કલાક અન્નક્ષેત્ર શરૂ કરી ભોજન પ્રસાદ ભાવપૂર્વક પિરસાય છે.

# યુવા ઉત્સવમાં વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમ હાંસિલ કરીને જૂનાગઢનું ગૌરવ વધાર્યું





જૂનાગઢ, તા.૨

તાજેતરમાં કે. કે. પારેખ એન્ડ મહેતા આર. પી. વિદ્યાલય-અમરેલી ખાતે યોજાયેલ સમગ્ર ગુજરાત રાજયના યુવા ઉત્સવમાં ગવર્મેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ- જૂનાગઢની પૂર્વ વિદ્યાર્થીનીઓ બેલીમ કૌશરબાનુએ વકૃત્વ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજયમાં પ્રથમ તથા તુર્ક તંજીલાબાનુંએ નિબંધ સ્પર્ધામાં સમગ્ર ગુજરાત રાજયમાં ત્રીજો નંબર પ્રાપ્ત સમગ્ર જૂનાગઢ જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

આ પહેલા પણ આ વિદ્યાર્થીનીઓએ યુનિવર્સિટી કક્ષાએ યોજાયેલા યુવા મહોત્સવમાં તેમજ નહેરૂ યુવા કેન્દ્ર- ગાંધીનગર દ્વારા યોજાયેલ વક્તૃત્વ તેમજ નિબંધ સ્પર્ધામાં યુનિવર્સિટી તેમજ જિલ્લા પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ તબક્કે બંને વિદ્યાર્થીનીઓ અંગેના સ્મરણોને વાગોળતા સ્કૂલના તમામ શૈક્ષણિક સ્ટાફ તથા આચાર્ય એલ.વી.કરમટાએ આ સિદ્ધિ મેળવવા બદલ બંનેને અભિનંદન પાઠવ્યા હતા.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે ખેડૂતોનો બે દિવસીય તાલીમ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૨

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢના કુલપતિ ડો.વી.પી.ચોવટીયાની પ્રેરણા અને વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો.એચ.એમ.ગાજીપરાના માર્ગદર્શનથી તા.૩૦-૩૧/૧૨/૨૦૨૨ના રોજ બે દિવસીય જૂનાગઢ કૃષિ યુનિવર્સિંટી, સરદાર સ્મૃતિ કેન્દ્ર, જૂનાગઢ ખાતે સુરેન્દ્રનગર જીલ્લાના સાયલા તાલુકાના ખેડૂત ભાઈઓ અને બહેનોનો બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમનું ઉદઘાટન જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક, ડો.એચ.એમ. ગાજીપરાના વરદ હસ્તે કરવામાં આવેલ. આ પ્રાસંગિક વક્તવ્યમાં વિસ્તરણ શિક્ષણ નિયામકે ખેડૂત ભાઈઓને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા તેમજ ખેતી ખર્ચ ઘટાડવાનો અનુરોધ કર્યો હતો. આ તાલીમ વર્ગમાં તેલીબિયાં પાકોની વૈજ્ઞાનિક ખેતી, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા ઉપરાંત રોગ-જીવાત માટે સંકલિત નિયંત્રણ અંગેની માહિતી આપી હતી. તેમજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓની માહિતી આપી હતી. આ તાલીમ કાર્યક્રમનું સંચાલન એચ.એમ. કુંજડીયાએ કર્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સરદાર સ્મૃતિ કેન્દ્રના ડો.એમ.કે. જાડેજા, એચ.એમ.કુંજડીયા અને આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ (ભારત)ના દેવરાજ ગુપ્તાએ જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં મનદુ:ખનાં કારણે લોખંડનાં પાઈપ-કુહાડી વડે હુમલો, ૩ સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨

જૂનાગઢમાં મારામારીનો એક બનાવ બનેલ છે. જે અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢનાં દાતાર રોડ, આંબાવાડી કબ્રસ્તાન પાસે રહેતા અબરાર ઈકબાલભાઈ કુરેશી (ઉ.વ.૧૮)એ સરવર મેહબુબભાઈ મકરાણી (ઉ.વ.૨૫), અલાઉદિન મેહબુબભાઈ મકરાણી (ઉ.વ.૨૦), તોહીર અયુબભાઈ મકરાણી (ઉ.વ.૧૮) રહે. દાતાર રોડવાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદીનાં ભાઈ સાહેદ આમીરની પત્ની તનવીર છેલ્લા ત્રણેક મહિનાથી તેનાં પિતાનાં ઘરે રીસામણે હોય અને છુટુ કરતા ન હોય જેનાં મનદુ:ખનાં કારણે આ કામનાં આરોપીઓએ ફરિયાદી પોતાનું મોટરસાઈકલ લઈ પસાર થતા હતા ત્યારે ચાલું મોટરસાઈકલ સાથે ફરિયાદીને રોકી આરોપી નંબર-૧ સરવર મેહબુબભાઈએ લોખંડનો પાઈપ ફરિયાદીનાં માથામાં મારેલ તથા પગમાં તથા ડાબી કોણીમાં મારી તેમજ આ કામનાં આરોપી નં-૨ અલાઉદીન મેહબુબભાઈએ કુહાડીથી સાહેદ આમીરને જમણા હાથનાં પોચામાં માર મારેલ તેમજ આરોપી નં-૧નાંએ લોખંડનો પાઈપ ડાબા પગમાં મારી ગોઠણથી ફ્રેકચરની ઈજા કરી અને આરોપીઓએ બિભત્સ શબ્દો કહી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. દાતાર રોડ ઉપર સ્વામિ વિવેકાનંદજીની પ્રતિમા નજીક આ બનાવ બન્યો હોવાનું દર્શાવેલ છે.

# બિલખા પાસે ખડખડીયા મહાદેવની જગ્યા નજીક ફોરવ્હીલે મોટરસાઈકલને હડફેટે લેતા પિતા-પુત્ર ઈજાગ્રસ્ત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૨

જૂનાગઢનાં સુખનાથ ચોક, ગુજરાતીવાસ ખાતે રહેતા જેન્તીભાઈ બીજલભાઈ પરમાર(ઉ.વ.૪૦)એ ફોરવ્હીલ નંબર જીજે-૦૧-એચકે-૩૩૮૭નાં ચાલક વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી તથા સાહેદ મોટરસાઈકલ લઈ જૂનાગઢ તરફ જઈ રહ્યા હોય ત્યારે ખડખડીયા મહાદેવની જગ્યા પાસે સામેથી એક ફોરવ્હીલ નંબર જીજે-૦૧-એચકે-૩૩૮૭નાં ચાલકે પોતાનું ફોરવ્હીલ બેફીકરાઈથી ચલાવી ફરિયાદીનાં મોટરસાઈકલ સાથે ભટકાવી ફરિયાદીનો ડાબા પગમાં તથા તેનાં દિકરાનાં જમણા હાથમાં તથા બંને પગે ફ્રેકચર કરી ઈજાઓ કરી નાસી ગયાની ફરિયાદ બિલખા પોલીસમાં નોંધાવતા બિલખા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# માજી સૈનિક સેવા ફાઉન્ડેશન જૂનાગઢ દ્વારા જૂનાગઢ દ્વારા સ્નેહમિલન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨

માજી સૈનિક સેવા ફાઉન્ડેશન જૂનાગઢ દ્વારા જૂનાગઢ જીલ્લામાં વશવાટ કરતા તમામ વીરનારીઓ, એકસમેન, પરીવારનો વાર્ષિક સ્નેહમિલન નિલકંઠ પાર્ટી પ્લોટ ખાતે તા. ૭-૧-૨૩ શનિવારે સવારે ૯.૩૦ કલાકે રાખેલ છે. આ સ્નેહમિલનમાં જીલ્લા સૈનિક કલ્યાણ બોર્ડ જામનગરનાં અધિકારી વિંગ કમાન્ડર સંદીપ જયસ્વાલ ઉપસ્થિત રહી પ્રશ્નોને વાચા આપવામાં આવશે. ઉપરાંત પીપીઓમાં નામ સુધારો કેમ કરવો, એનઓકેમાં નામ કેવી રીતે બદલી કરવું વગેરે માહિતી આપવામાં આવશે.

જેથી તમામ પરીવાર સાથે આવવા માજી સૈનિક સેવા સંગઠન જૂનાગઢનાં પ્રમુખ રમેશભાઈ પરમાર તથા ટીમ તરફથી આમંત્રણ પાઠવામાં આવેલ છે તેમ એક યાદીમાં જણાવેલ છે.


“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩” (NFSA) હેઠળ સમાવિષ્ટ
રાજયના ૭૧ લાખથી વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને
જાન્યુઆરી-૨૦૨૩થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી
સમગ્ર વર્ષ દરમિયાન વિનામૂલ્યે અનાજ (ઘઉં અને ચોખા)નું વિતરણ
તથા રાજ્ય સરકારની તુવેરદાળ, ચણા, ખાંડ તથા મીઠાના રાહત દરના વિતરણ
સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી





જાન્યુઆરી-૨૦૨૩ માસનું વિતરણ
તાઃ ૦૧/૦૧/૨૦૨૩ થી તાઃ ૩૧/૦૧/૨૦૨૩ સુધી ચાલુ રહેશે.

“રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩” હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ વિતરણ

જાન્યુઆરી-૨૦૨૩ માસમાં વિનામૂલ્યે મળવાપાત્ર અનાજના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો (AAY) | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | વિનામૂલ્યે |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા. | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો (AAY) | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | વિનામૂલ્યે |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા. | |

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ જાન્યુઆરી- ૨૦૨૩ માસમાં લાભાર્થીઓને
રાહત દરે મળવાપાત્ર અન્ય આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા. રૂ. |
|---|---|---|---|---|
| ૧ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૪ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૫ | ડબલ ફોર્ટિફાઈડ સોલ્ટ (મીઠું) | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |



અગત્યની સૂચના:

જાન્યુઆરી-૨૦૨૩ થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી “રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩” હેઠળના તમામ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ (ઘઉં અને ચોખા)નું વિતરણ અને જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકાર દ્વારા અન્ય આવશ્યક ચીજવસ્તુઓનું (તુવેરદાળ, ચણા, ખાંડ, મીઠું) રાહત દરે વિતરણ એમ આ બંને વિતરણ અલગ-અલગ હોવાથી, બંને વિતરણનો લાભ મેળવવા માટે લાભાર્થીઓએ બે વખત પોતાનો અંગૂઠો આપીને આધાર બેઝ્ડ ઓળખ પ્રસ્થાપિત કરીને બે રિસીપ્ટ મેળવવાની રહેશે.

વન નેશન, વન રેશનકાર્ડ યોજના

દેશના અન્ય રાજ્યોના તેમજ ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી NFSA રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ વાજબી ભાવની દુકાનેથી પોતાના હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર વર્ષ દરમિયાન વિનામૂલ્યે અનાજ (ઘઉં અને ચોખા) મેળવી શકશે.



લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ “My Ration” મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

રાજ્યના એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ તમામ કુટુંબોને તેઓને મળવાપાત્ર રાશનમાં “રૂ. ૨/- પ્રતિ કિ.ગ્રાના ભાવે મળતા ઘઉં અને રૂ. ૩/- પ્રતિ કિ.ગ્રાના ભાવે મળતા ચોખા” ના બદલે જાન્યુઆરી-૨૦૨૩થી ડિસેમ્બર-૨૦૨૩ સુધી વિનામૂલ્યે ઘઉં અને ચોખા મળશે.

- માનનીય મંત્રી શ્રી, કુંવરજીભાઈ બાવળીયા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

